**સુવિચાર**

ધર્મ, ભાષા, પ્રાંતવાદ છોડી રાષ્ટ્ર અપનાવશું, રાષ્ટ્રનો વિકાસ ત્યારે થાય જયારે દરેક નાગરિક નૈતિક ફરજ બજાવે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૧૨/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ માગશર સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૦૦૨

### પાલિકાનાં વિપક્ષી નેતાએ પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવી તપાસની કરી માંગ

# અમરેલીમાં ભૂગર્ભ ગટરનું કામ કરવામાં દે ધનાધન

**પાઈપ લગાવતાં પહેલા જે લેવલ કરવાનું હોય છે તે કરવામાં આવતું નથી**

**સુપરવિઝન એજન્સીનાં કર્મચારીની ગેરહાજરીમાં કામગીરી**

**સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ કરાવવા અને ત્યાં સુધી પેમેન્ટ ન કરવાની માંગ**

**પાલિકા દ્વારા જુદા-જુદા વિસ્તારમાં તમામ વિકાસકાર્યોને લઈને અવારનવાર ગેરરીતિની ફરિયાદ ઉભી થાય છે**

અમરેલી, તા. ૧૩

અમરેલી પાલિકાનાં વિપક્ષી નેતા સેજલબેન સોલંકીએ પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા વિસ્તારમાં કુંભારવાડા આંગણવાડી પાસે ડ્રેનેજ ગટરનું આરસીસી પાઈપ કામ ચાલું છે. જે કામ એજન્સી કરી રહી છે તે એસ્ટીમેટ મુજબ કરી રહી નથી. જેમાં કોઈ નીચે આરસીસી પાઈપ નાખતા પહેલા લેવલ અને આરસીસી કરવાનું હોય તે કરવામાં આવી રહ્યું નથી. જેથી નબળા કામના કારણે ભવિષ્યમાં પાણીનો નિકાલ થશે નહી અને ગટર ઉભરાશે જેથી નગરપાલિકા કામ કરવા પુરવા પૈસા આપે છે તેમ છતાં એજન્સી અને ડીઝાઈન પોઈન્ટનાં કર્મચારીના દેખરેખ વગર કામ ચાલું છે. જેથી આ કામામાં ખૂબ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે જેથી આ કામની તપાસ કરાવવા અને તપાસ સમયે અમોને સાથે રાખવામાં આવે તેવી અમારી માંગ છે.

આ કામની તપાસ પૂર્ણ ના થાય ત્યાં સુધી ચીફ ઓફિસરને પેમેન્ટ ના કરવા સુચના આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી.







### માર્કેટયાર્ડ નજીક પસાર થતાં હોય

## બાબરાનાં કરિયાણા ગામનાં બાઈક સવારનું એમ્બ્યુલન્સ હડફેટે આવી જવાથી મોત

**બાઈકમાં સવાર મહિલાને પણ ગંભીર ઈજા પહોંચી**

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકાના જીવાપર (કરીયાણા) ગામે રહેતા રાકેશભાઈ મનસુખભાઈ પીપળવાના કાકાજી સસરા મનોજભાઈ ઉર્ફે મુન્નાભાઈ મકવાણા (રહે. કરીયાણાવાળા) તથા રેખાબેન મકવાણા ગત તા. ૮ના રોજ સાંજના આશરે સાડા પાંચેક વાગ્યા દરમ્યાન પોતાના હવાલાવાળા મોટરસાયકલ નં. જી.જે.–૧૪ બીસી–૪૬૦૧ ચલાવી જતા હોય. તે દરમ્યાન બાબરા માર્કેટીંગયાર્ડની સામે હાઈવે રોડ ઉપર એક સફેદ તથા લાલ કલરની પ્રાઈવેટ એમ્બ્યુલન્સ નં. એમએચ–૦૩ ડીવી–૧૪૮૫ ના ચાલકે પોતાનું હવાલાનું વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મનોજભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી તેમજ રેખાબેનને માથાના ભાગે ગંભીર ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ત્રણ–ત્રણ વખત મિસકેરેજ થતાં

## કોટડાપીઠા ગામે રહેતી પરિણીતાએ કૂવામાં પડી આત્મહત્યા કરી લીધી

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા હેતલબેન કલ્પેશભાઈ ડોબરીયા નામની ૩૩ વર્ષિય પરિણીતાને એક દિકરો અર્ચિત (ઉ.વ. ૭ વર્ષ)નો હોય અને તેણીને ત્રણ મિસકેરેજ (કસુવાવડ) થઈ ગયેલ હોય. જે બાબતે તેણી ઘણા સમયથી ચિંતામાં રહેતા હોય અને તે વાત મનમાં લાગી આવતા તા. ૧૧ના આશરે બપોરે ૨ થી તા. ૧૨ના સવારે ૯ના અરસામાં કોટડાપીઠા ગામે ભોળાભાઈ ભીખાભાઈ સતાણીની વાડીએ પોતે પોતાની જાતેથી પાણી ભરેલા કુવામાં પડી જઈ આત્મહત્યા કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


















# અમરેલી એક્સપ્રેસે હંમેશા અમરેલી જિલ્લાનાં લોકોનાં હિતને કેન્દ્રમાં રાખી પત્રકારત્વ નિભાવ્યું છે : ડૉ. કાનાબાર

અમરેલી, તા. ૧૩

અમરકેલી જિલ્લાની જનતાના પોતીકા અખબાર એવા અમરેલી એકસપ્રેસે તેની યાત્રાના ૧૫ વર્ષ પુરા કર્યા છે. તેમની આ દોઢ દાયકાની સફરમાં ''અમરેલી એકસપ્રેસે'' નિડરતાથી અને કોઈની પણ શેહશરમ રાખ્યા વગર અમરેલી જિલ્લાનાં લોકોની સમસ્યાને વાચા આપી છે.



અમરેલી જિલ્લાનાં અંતરિયાળ વિસ્તારમાં આવેલ ગામડું હોય કે તાલુકાનાં મુખ્ય મથકનું શહેર હોય ''અમરેલી એકસપ્રેસે'' નિષ્પક્ષ રીતે જિલ્લાનાં તમામ વિસ્તારોનાં લોકોને ન્યાય મળે તે માટે અવાજ ઉઠાવ્યો છે.

કાયદો–વ્યવસ્થાનો પ્રશ્ન હોય, રસ્તા–સફાઈ કે વીજળીનાં પ્રશ્નો હોય એકસપ્રેસ તેને વાચા આપવામાં અગ્રેસર રહ્યું છે. ભ્રષ્ટાચાર સામેની તેમની લડત અવિરત રીતે ચાલતી રહી છે. કોઈની શેહમાં આવી જાય કે ધાક–ધમકી કે દબાણને વશ થાય તે એકસપ્રેસનાં વાચંકો માટે કયારેય શકય બન્યું નથી.

અમરેલી જિલ્લાનાં લોકો ગૌરવ લઈ શકે તેવું આ અખબાર જયારે ૧૬માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે તેના પ્રકાશક અને તંત્રી મનોજભાઈ રૂપારેલ અને તેમની ટીમને અઢળક શુભેચ્છા પાઠવું છું.

### સિહોરથી જુનાગઢ ખાતે કતલ માટે લઈ જવાતા હોય

## બાબરાનાં જીવદયા પરિવાર દ્વારા ૭ પશુનો જીવ બચાવી લેવાયો

**તમામ પશુઓને પાંજરાપોળમાં મોકલી દેવાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરાનાં મોટા દેવળીયા નજીકથી રાત્રિના ૩ વાગ્યે વાહનમાં પસાર થતાં ૭ પશુઓને જીવદયા પરિવાર દ્વારા કતલ ખાતે જતા અટકાવીને સુરક્ષીત રીતે અમરેલીની પાંજરાપોળમાં મોકલી દેવાયા હતા.

વિગત એવા પ્રકારની છે કે, શિહોર થી જુનાગઢ તરફ એક વાહનમાં ૭–પશુઓને લઈ જવાતાં હોય જીવદયા પરિવારનાં ગજેન્દ્રભાઈ શેખવા, મૌલિક તેરૈયા સહિતનાં જીવદયા પ્રેમીઓએ પોલીસની મદદથી વાહન અટકાવીને તમામ ૭ પશુઓને બચાવી લીધા હતા.

### ૧૫ દિવસની પેરોલ રજા મેળવીને થયા ગાયબ

## ધારીનાં પ્રેમપરામાં રહેતા અને રાજકોટ જેલમાં રહેતા મહિલા કેદી નિયત સમયે પેરોલ બાદ હાજર ન થયા

અમરેલી, તા. ૧૩

ધારીનાપ્રેમપરાવિસ્તારમાં આવેલખોડીયાર મંદિરની પાછળરહેતા અનેહાલરાજકોટ મધ્યસ્થ જેલના પાકા કેદી નં. ૫૦૪૦૮ લાભુબેન ડો/ઓ નાનકદાસ મારૂ તે વા/ઓ રઘુરામ મોહનદાસ પરમાર જીલ્લા મેજી.ની કચેરી, રાજકોટજા.નં.જે.એકસ. પેરોલ ફા. નં. ૩૭૫/૨૩ તા. ૨૮/૧૦/૨૪ ના આદેશાનુસાર કેદી પેરોલરજાઉપરતા. ૨૯/૧૦/૨૦૨૪ થી દિન–૧૫ (પંદર) ની પેરોલરજા પર મુકત થયેલ અને જેલે સજા ભોગવતા કેદી નિયત તારીખે હાજર ન થતા ફરાર થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### કડકડતી ઠંડીમાં સૌ મીઠી નિંદ્રા માણતા હોય તે સમયે

## અમરેલી જિલ્લામાં વહેલી સવારે ૫.૫૧ કલાકે ૨.૫ સ્કેલનાં ભૂકંપથી ધરતી ધ્રુજી

**ડીઝાસ્ટર કંટ્રોલરૂમનાં ઈન્ચાર્જ પણ અજાણ હતા**

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર સહિત જીલ્લામાં આજે વ્હેલી સવારે અચાનક જ ધરતીકંપનોઆંચકોઆવતાંધરાધ્રુજીહતી. પરંતુશિયાળાનીકડકડતીઠંડીનેકારણેલોકો નિંદ્રાહોયભૂકંપનાઆંચકાથીઅજાણરહ્યા હતા.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી શહેર સહિત જીલ્લામાં આજે વ્હેલી સવારે ૫–૫૧ મિનિટે ૨.૫ રેકટર સ્કેલનો અચાનક જ ધરતી કંપનો આંચકો આવતાં ધરા ધ્રુજી હતી. પરંતુ શિયાળાની કડકડતી ઠંડીને કારણે લોકો નિંદ્રામાં હોય ભૂકંપના આંચકાથી અજાણ રહ્યા હતા. જયારે આ બનાવ અંગે સવારે ૯ કલાકે અમરેલીના ડિઝાસ્ટર કંટ્રોલરૂમમાં ધરતીકંપ અંગે પુછપરછ કરતાં અમરેલીના ડિઝાસ્ટર કંટ્રોલરૂમના ઈન્ચાર્જ કર્મીએ ભૂકંપના આંચકાથી અજાણ હતા.

આ ધરતીકંપના આંચકા અંગે ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે ભૂકંપના આંચકાની આપી પુષ્ટિ હતી. જયારે અમરેલીથી ૪૨ કિલોમીટર દૂર દક્ષિણમાં ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાનું જાણવા મળેલ છે. સવારે ધરતીકંપ અંગેની જાણ થતાં લોકો એકબીજાને પુછપરછ શરૂ થવા પામી હતી.

## વડિયાનાં વૃધ્ધનું ઝેરી જંતુનાં કરડી જવાથી મોત

અમરેલી, તા. ૧૩

વડિયાના સુરગપરા, ખેતાણી રોડ ઉપર રહેતા માધુભાઈ કાળાભાઈ ડાભી નામના ૬૧ વર્ષિય વૃધ્ધને તા. ૧૧/૧૧ના રોજ રાત્રીના કોઈપણ સમયે કોઈ ઝેરી જનાવર/જંતુ જમણા પગના ભાગે કરડી જતા પ્રથમ સારવાર માટે વડિયા સરકારી હોસ્પિટલ અને બાદમાં જેતપુરના ખાનગી દવાખાને દાખલ કરેલ. જયાં સારવારથી પણ સારૂ નહી થતા ગત તા. ૧૭/૧૧ના રોજ ગોંડલની ખાનગી હોસ્પિટલ ખાતે ત્યાં સારવારમાં દાખલ કરેલ હતા અને તા. ૧૮/૧૧ના રોજ આઈ.સી.યુ.માં દાખલ કરતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### બોટાદથી આવેલ કર્મચારીની ફરજમાં રૂકાવટ

## ધારીનાં મોણવેલ ગામે વીજ ચેકિંગ કરવા ગયેલ વીજકર્મી ઉપર લાકડી વડે હુમલો

**એક મહિલા સહિત ૨ વ્યકિત સામે ફરિયાદ**

અમરેલી, તા. ૧૩

અમરેલી પીજીવીસીએલ વર્તૂળ કચેરી ખાતે ગત તા. ૧૨ ના રોજ સવારના ૫:૩૦ વાગ્યે વીજ ચેકિંગ ડ્રાઈવ રાખવામાં આવેલ હોય. જેથી બોટાદ ગામે આંનદધામ ગ્રીનસીટી બીજી લાઈન પાણીના ટાંકાની સામે રહેતા અનિભાઈ ગંગારામભાઈ બાબુલ વીજ કર્મી પોતાની ટીમ સાથે ધારી તાલુકાના મોણવેલ ગામે વીજ ચેકીંગમાં ગયેલ. ત્યારે મોણવેલ ગામે એક ઘરની અંદર ચેકીંગ કરવા ગયેલ ત્યારે ત્યાં હાજર જગદિશભાઈ મનસુખભાઈ ઢોલરીયા તથા સોનલબેન મનસુખભાઈ ઢોલરીયા નામના બન્ને આરોપીઓ વીજકર્મી સાથે ગેરવર્તન કરી જેમફાવે તેમ ગાળો આપી એક લાકડાનો ડંડો લઈ વીજકર્મીને મારવા માટે દોડેલ અને ગાળો આપી તેના ઘરેથી જતા રહેવા માટે કહેલ અને સરકારી કામગીરીમાં અડચણ ઉભી કરી બન્ને આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : – બાબરા– અમારા અસીલ જમીન વેચનાર **નિલેષભાઈ દેવશીભાઈ સાતાણી,** રહે :– પાનસડા, તા :– બાબરા, જી : – અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **પાનસડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **નિલેષભાઈ દેવશીભાઈ સાતાણી,** વેચાણ દસ્તાવેજથી **શ્રીમાન બટુકભાઈ કાનાભાઈ** રહે : – દોમડા ભાયુના,–રાજકોટ વાળા ને વેચાણ કરવા માંગે છે.

જમીનની વિગત :–

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | નિલેષભાઈ દેવશીભાઈ સાતાણી | ૩૭૮ | ૫૫૪(જુનો સર્વે નં.:–૪૭/૪) | ૦–૮૪–૫૨ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો,બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૧૦ (દસ) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગતવાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **શ્રીમાન બટુભાઈ કાનાભાઈ** ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ :– બાબરા
તા :– ૧૩–૧૨–૨૦૨૪

**અમારા અસીલ**
**શ્રી નિલેષભાઈ દેવશીભાઈ સાતાણી**
**ની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)
રાજકોટ–ભાવનગર હાઈ–વે, અવધ ટાઈમ્સના ગેટની અંદર, બસ સ્ટેશન સામે, મુ. બાબરા, જી. અમરેલી.
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬

### ઘણા વર્ષોથી માર્ગ બિસ્માર બન્યો હતો

## આનંદો : અમરેલીમાં બટારવાડી વિસ્તારમાં મુખ્ય માર્ગ નવો બનતા હાશકારો

**નગરસેવકની રજૂઆત બાદ માર્ગ બન્યો**



અમરેલી, તા. ૧૩, અમરેલી નગરપાલિકા વોર્ડ નંબર ૯ અને ૧૦ની અંદર આવતો રોડ બી.કે. ટાંકનાં ડેલાથી ચાંદની ચોક સુધીનો માર્ગ બનાવવામાં આવેલ છે. જે છેલ્લા સાત આઠ વર્ષથી જર્જરીત હાલતમાં થઈ ગયેલ હતો.

### ધારાસભ્ય કસવાલાનાં માર્ગદર્શન હેઠળ

## સાવરકુંડલાનાં વોર્ડ નં.–૩માં માર્ગો સહિતનાં વિકાસ કાર્યો શરૂ

**પાલિકા પ્રમુખ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની દેખરેખ હેઠળ શહેર સુંદર અને રળિયામણું બનાવવાને લઈને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણીની સુચનાથી વોર્ડ નં. ૩ સોજીત્રાની વાડી નાકરાણી પરિવાર ખોડીયાર મા માતાજીનો મઢ રોડ શ્રીફળ વધેરીને શુભારંભ કરતા નગરપાલિકા સદસ્ય હંસાબેન કમલેશભાઈ રાનેરા, રસીલાબેન ચુડાસમા, પિયુષભાઈ મશરૂ આ સંદર્ભે આ વિસ્તારનાં લોકો તેમજ ભાજપનાં શુભેચ્છકો ગોવિંદભાઈ નાકરાણી, રમેશભાઈ નાકરાણી, પ્રવિણભાઈ ધામેલીયા, હિતેશભાઈ મકવાણા, કમલેશભાઈ રાનેરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિકોમાં ખુશીનો માહોલ

## અમરેલીનાં કાનાણીની વાડી વિસ્તારમાં આઝાદી બાદ સૌ પ્રથમ સીસી રોડ બનવાનું શરૂ

**પાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરાયું**

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ બાયપાસ ઉપર આવેલ કાનાણીની વાડી વિસ્તારમાં નગર પાલિકા દ્વારા આઝાદી બાદ સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરાતા સ્થાનિક રહીશો મા હર્ષની લાગણી છવાયેલ હતી.

અમરેલી નગર પાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી એ જણાવેલ હતું કે અમરેલી નગર પાલિકામાં ભાજપ દ્વારા સત્તાના સૂત્રો સંભાળતાની સાથે જ વિકાસની વણથંભી વણજારમાં વધુ એક લોકોની સુખાકરી અર્થે સી સી રોડ બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. જેમાં ચક્કરગઢ રોડ ઉપર આવેલ અને વર્ષોથી રોડ જેવી પાયાની જરૂરિયાતથિ વંચિત લોકોની લાગણી અને માંગણીને આ વિસ્તારના સદસ્યોં દ્વારા પ્રયાને લઈ ઓજી વિસ્તાર લેખાતા વિસ્તારમાં આજે આઝાદી પછી સૌ પ્રાથમવાર સી સી રોડ બનાવવાનું ખાત મુહર્ત કરવામાં આવેલ હતું. જેમા નગર પાલિકા બાંધકામ સમિતિના ચેરમેન સંદીપ માંગરોળિયા, પૂર્વ પ્રમુખ અલકાબેન ગોંડલીયા, મુકુંદભાઈ સેંજલિયા, કાંતિભાઈ કાનાણી, રસિકભાઈ કાનાણી, પંકજ કાનાણી, આ વિસ્તારના પાલિકાના સદસ્યોં દિલાભાઈ વાળા, હરેશભાઈ ચાવડા, અનિભાઈ કાનાણી તેમજ સ્થાનિક રહીશો ઉપસ્થિત રહેલ હતા. સદસ્યોની કામગીરીથી સ્થાનિકોમાં હર્ષની લાગણી છવાયેલ હતી.

# બાબરા ખાતે પૂ. ઘનશ્યામદાસ બાપુનાં હસ્તે જુના તાપડીયા આશ્રમમાં કોમ્યુનિટી હોલનું ખાતમુર્હૂત કરાયું


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં ખાખરીયા ચોરા વિસ્તારમાં આવેલ જુના તાપડીયા આશ્રમમાં તાપડેર મહાદેવના મંદિરમાં લોકફાળાથી કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેનું ખાતમુહૂર્ત તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું અહી શાસ્ત્રી જીતુભાઇ જોષી દ્વારા વિધિ વિધાન સાથે ભૂમિ પૂજન અર્ચન કરાવવામાં આવ્યું હતું. આ તકે આ વિસ્તારના અગ્રણીઓ અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં અમરસીભાઈ દશલાણીયા, ડાયાભાઈ શેલિયા, મનસુખભાઈ પાંભર, મૂકેશભાઈ ખોખરીયા સંજયભાઈ, પ્રવીણભાઈ જોષી, સહિતના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

## અમે તો રજૂઆત કરી–કરીને થાકયા છતાં પાલિકાનાં શાસકોનાં મનમાં કશું નથી

# બાબરાનાં વોર્ડ નં.–૪માં ખુલ્લી ગટર અને તૂટેલ નાળાથી પરેશાની

**આગામી દિવસોમાં સમસ્યાનું સમાધાન ન થાય તો પાલિકા કચેરીને ઘેરાવ કરવાની ચીમકી**

**ભૂગર્ભ ગટરથી ગંદકીની સમસ્યા ઘટવાને બદલે વધી જતાં નારાજગી**

**ગટરનાં ઢાંકણા મનફાવે તેવી રીતે લગાવાતા વાહન અકસ્માત પણ થઈ રહ્યા છે**

**જો કે પાલિકાનાં પ્રમુખ અને ઉપપ્રમુખે ૩ મહિનામાં સમસ્યા દૂર કરવાની ખાત્રી આપી**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરા શહેર માં મોટા ભાગના વિસ્તારોમાં ખૂલ્લી ગટર અને કુંડીઓ લોકો માટે માથાની સમસ્યા બની રહી છે. શહેરના લગભગ ઘણા વિસ્તારમાં ગટરની ખૂલ્લી કુંડીઓ જોવા મળી રહી છે તો અમુક ગટરના ઢાંકણા તૂટેલા જોવા મળી રહ્યા છે. શહેરની મુખ્ય બઝારમાં પણ જેમ ફાવે તેમ ગટરના ઢાંકણા ફિટ કરવામાં આવ્યા છે. રોડ પ્રમાણે લેવલ નહિ કરવામાં આવતા લોકો પસાર થાય ત્યારે ઠેસ આવે અને પડી રહ્યા છે તો વાહન ચાલકોમાં અકસ્માત સર્જાય રહ્યા છે. જોકે પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરેએ જણાવ્યું હતું મેં શહેરના વોર્ડ વિસ્તારમાં તેમજ બઝારોમાં જે ગટર ખુલ્લી કુંડીઓ છે ત્યાં નવા ઢાંકણા નાખવા માં આવી રહ્યા છે તેમજ લેવલ બહાર જે કુંડીઓ છે તેની મરામત કરવામાં આવી રહી છે.

અહીં વોર્ડ નંબર ૪ના ચબૂતરા ચોક વિસ્તારમાં વર્ષોથી ખુલ્લી મસ મોટી ગટર આવેલી છે જેની ઉપર નાળા જેવું બનાવી દેવામાં આવતા આસપાસના રહીશો પસાર થઈ શકે પણ પાછલા ઘણા સમયથી અહીંઆ નાળુ તૂટી જતા અડધું બચ્યું છે જેના કારણે અહીંના લોકોને પસાર થવામાં ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે. બીજી તરફ મોટા વાહન પસાર કરવામાં અકસ્માતનો ભય સતાવે છે તેમજ રાત્રિ વખત ઘણા લોકો ગટરમાં પડતા અકસ્માત સર્જાય રહ્યા છે. આ વિસ્તારના લોકોએ અનેકવાર રજૂઆત પાલિકામાં કરવા છતાં આજ દિન સુધી કોઈ નક્કર કાર્યવાહી પાલિકા દ્વારા નહિ કરવામાં આવતા લોકો રોષે ભરાયા છે અને જલ્દી સમસ્યાનો ઉકેલ નહિ આવે તો તમામ રહીશો પાલિકાનો ઘેરાવ કરશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

નગરપાલિકા ઉપ પ્રમુખ અને વોર્ડ નંબર ૪ના પાલિકા સભ્ય અંકુર જસાણીએ જણાવ્યું હતું કે, ચબૂતરા ચોક વિસ્તારમાં જે ગટર અને નાળાની સમસ્યા છે તે પાલિકા દ્વારા ધ્યાને લેવામાં આવી છે અને તેના ઉકેલ માટે ત્રણ માસ જેટલો સમય લાગશે. કારણ કે અહીં જે ગટર ખૂલ્લી પસાર થઈ રહી છે તે ખુબજ મોટી અને લાંબી છે જેને ભૂગર્ભ ગટર સાથે જોડાણ કરી અહીં નાળુ કાઢી રોડ બનાવવાનું આયોજન પાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. જેની મંજૂરી આવતા ત્વરિત કામ શરૂ કરી લોકોને કાયમી ધોરણે સમસ્યા માંથી મુકત કરવામાં આવશે.

### કોઈનાં ઘરની સામે વિચારીને બેસવું

## ખાંભાનાં ભાવરડી ગામનો યુવક ઘરની બહાર બેઠેલ હોય માથાકૂટ થઈ

**પડોશીએ બહાર નહી બેસવાનું કીધુ**

અમરેલી, તા. ૧૩

ખાંભા તાલુકાના ભાવરડી ગામે રહેતા મુકેશભાઈ જીવાભાઈ રાઠોડ નામના ૨૯ વર્ષિય ખેડુત યુવક ગત તા. ૭ના સાંજના સાતેક વાગ્યે ખેડૂત યુવક તેમના ઘરની બહાર બેસેલ હતા. તે વખતે તે જ ગામે રહેતા આરોપી નાગજીભાઈ ખેતાભાઈ વિંઝુડા તથા સોનાબેન ખેતાભાઈ વિઝુંડાએ આવી ખેડૂતને કહેવા લાગેલ કે તારે અહીં બહાર નહીં બેસવાનું તેમ કહેતા યુવકે કહેલ કે મારા ઘરની બહાર કેમ ના બેસી શંકુ. તેમ કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ યુવકને જેમફાવે તેમ ગાળો આપી તેમના હાથમાં રહેલ લોખંડની પાઈપ વડે યુવકના પીઠના ભાગે બે ઘા મારી તેના પેન્ટનાં નેફામાંથી છરી કાઢી યુવકના માથાનાભાગે મારેલ. જેથી યુવકના નાના ભાઈ આવી જતાં તે વચ્ચે પડતાં આરોપીએ યુવકના ભાઈને પાઈપ વડે માર મારી લાકડી વડે શરીરે આડેધડ માર મારી તેમજ યુવકની પિતરાઈ બેન વચ્ચે આવતા બન્ને આરોપીઓએ તેને પણ શરીરે આડેધડ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ચાવંડ નજીક કારચાલકે બ્રેક મારતા પાછળથી ટોરસ ટ્રકે અકસ્માત કર્યો

અમરેલી, તા. ૧૩

પાલીતાણા ગામે મુનીમ શેરી, સેવા સમાજના દવાખાના પાસે રહેતા પલ્લવભાઈ હિતેશભાઈ રાવ નામના ૩૨ વર્ષિય યુવક ગત તા. ૧૨ના બપોરના સવા ત્રણેક વાગ્યે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ ગાડી લઈને પરિવાર સાથે ચોટીલાથી પાલીતાણા તરફ જતા હોય. તે દરમ્યાન અમરેલીના ચાવંડ ગામે પહોંચતા સ્પીડબ્રેકર આવતા યુવકે પોતાની ફોરવ્હીલ નં. જી.જે.–૦૧ આરએ– ૨૨૬૩ને બ્રેક મારતા પાછળથી આવતા ટોરસ ટ્રક રજી. નં. એમ.એચ.–૧૯સીવાય–૪૮૮૧ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી યુવકની ફોરવ્હીલ ગાડીને પાછળના ભાગે ભટકાવી દઈ અકસ્માત કરતા યુવકની કારની પાછળની ડેકી, પાછળનો કાંચ તોડી, પાછળના બંને દરવાજાને અંદર વાળી દઈ, ચેચીસ અંદરની બાજુ વાળી તેમજ પાછળના બંને ટાયર ફાડી નાખી અકસ્માત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### છેલ્લા ૧૫ વર્ષથી સતત કાર્યરત

## અમરેલી ખાતે સીનિયર સિટીઝન સોસાયટીની બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી કરાઈ

**કુમારી રીંકુ નાંઢાનું કથક નૃત્યનો કાર્યક્રમ યોજાશે**



અમરેલી, તા. ૧૩

સિનિયર સિટિજન સોસાયટી અમરેલીમાં ૨૦૨૪ વિદાય અને કુમારી નાંઢાનું કથક નૃત્ય યોજાયું

સિનિયર સિટિજન મંડળ છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત છે જેમાં દર માસે વિદાય થતા થયેલ કાર્યક્રમોની જાંખી થઈ અને કુ. રીંકુ નાંઢાની કથક નૃત્ય કલાની પ્રસ્તુતી થઈ. મંડળ તરફથી તેને મોમેંટો અને પુષ્પગુચ્છથી બીરદાવવામાં આવ્યા. વર્ષ ૨૦૨૫ માટે નવી કારોબારીની રચના થતા જાહેરાત કરવામાં આવી. મહામંત્રી કનુદાદા જોષી નિવૃત થયા તથા જેરામભાઈ પટોળિયા ખજાનચી, તરૂલાબેન વ્યાસ સહમંત્રી કારોબારી સભ્ય જગદિશભાઈ જોષી, ઉષાબેન રાવળ સર્વ નિવૃત થતા તેમનું શાલ અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન થયું.

નવનિયુકત સુરેશભાઈ ત્રિવેદી મહામંત્રી, ભારતીબેન પંડયા સહમંત્રી, સી.કે.ટાંક ઉપપ્રમુખ તેમજ કારોબારી સભ્ય તરીકે જયપ્રકાશભાઈ માખેયા, કે.પી.પંડયા, બીનાબેન ત્રિવેદીની નિમણુંક થતા તેઓને આવકારવામાં આવ્યા પ્રતિભાવ આપતા કનુભાઈ જોશીએ જણાવ્યું કે તેઓ છેલ્લા ૧૫ વર્ષથી આ સંસ્થા સાથે જોડાયેલ છે. ૨૦૧૦માં ખાલી ૪૦ થી ૫૦ સંખ્યા હતી, જે આજે ૧૩૦ની સંખ્યાએ પહોંચ્યા છીએ. તેમા આપ સહુનો સહકાર અને આશિર્વાદ છે. સંસ્થાની પ્રવૃતિ અમરેલી જિલ્લામાં તો છે જ પણ છેક વડોદરા સુધી પહોંચી અને એજકેર ફેડરેશન પ્રથમ નંબર મેળવેલ છે. માટે આ સંસ્થામાં નવનિમાયેલ સભ્યને વિનંતિ કે હજુ વધુ પ્રગતિ કરે અને આ સિન મંડળનું નામ ગુજંતુ રહે.

ત્યારબાદ જન્મદિનની બર્થ ડે સોંગથી અને લગ્નદિનની ઉજવણી સર્વે બહેનોએ લગ્ન ગીત ગાયને કરી તેમજ આ માસના ભોજન દાતાઓ પ્રિનાબેન વ્યાસ, ઉષાબેન રાવળ, ભાવનાબેન દવે, ચંદ્રિકાબેન જોશી, રીટાબેન પટેલ, લીલાબેન ગજેરા અને સરલાબેન ત્રિવેદી સર્વેનુ પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું કાચા પ્રમુખ કાચાસાહેબે મંડળની પ્રગતી અને કામગીરી અંગે ખુશી વ્યકત કરી આ વર્ષે પણ સહુના સહિયારા સાથથી આનંદ કરીશુ. તોમભાઈ અગ્રાવતે આભાર દર્શન કર્યુ ઉદ્ઘોશક બીનાબેન ત્રિવેદીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખુબ સરસ રીતે કર્યુ. રાષ્ટ્રગીત બાદ સૌ મિષ્ટભોજન લઈ છુટા પડયા સુરેશભાઈ ત્રિવેદી મહામંત્રીની યાદીમાં જણાવેલ છે.




















# 'સાસરીમાં દીકરીને સુખી જોવી હોય તો મા આટલું વિચારશે ?'

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

**ચિ. સ્મિતા અને શોભિત,**

કુશળ હશો. તમારા નવા નિવાસમાં હવે તમે ગોઠવાવા માંડયાં હશો. અત્યાર સુધી વડીલોની છત્રછાયામાં રહ્યા પછી આમ અચાનક તમારે જુદા રહેવાનું આવ્યું એ તમને જરાય નહીં ગમ્યું હોય. છતાં... આ પણ જિંદગીની પાઠશાળાના પાઠ છે એમ સમજીને ભાર રાખ્યા વગર સારી રીતે પાર ઊતરવાની તમન્ના રાખશો તો આ જિંદગી 'મસ્તી કી પાઠશાલા' બની રહેશે એમાં બેમત નથી.

અત્યારસુધી તમારાં માતા–પિતાએ ઘરનો બધો કારભાર–વ્યવહાર સંભાળ્યો, ઘરને એક સૂત્રથી બાંધી રાખ્યું છે. એ સમયે તમારે તો ફકત એમણે બતાવેલાં કામ કરવાના હતાં. હવે ઘરનાં સુખ–શાંતિ–સમૃદ્ધિ માટે વિચારવાનું પણ તમારે જ છે અને અમલમાં પણ તમારે જ મૂકવાનું છે. આમ જુઓ, તો માતાપિતા સાથે તમે અત્યાર સુધી એકદમ નિશ્ચિંત મનથી રહ્યાં, એટલે હૂંફનો અનુભવ તો તમે કરી લીધો જ છે. હવે જવાબદારી રૂપે કુદરત તમને મોકો આપી રહી છે. ખેર આ નવા પ્રવાસમાં ભાથાંરૂપ કેટલાંક સૂચનો, ખાસ તો સ્મિતા માટે કરૂ છું. માનુ છું કે તમને બંનેને એ કામ લાગશે.


સ્મિતા, તારી પહેલી ફરજ તારી પોતાની જાત પ્રત્યે છે. ખાન–પાન, આહારવિહાર એવાં રાખવાં કે જેથી તંદુરસ્તી જળવાય. માંદી વ્યકિત પથારીમાંથી ઘર ચલાવી શકે નહીં. એ જ રીતે તારા પતિની, તેમ જ નાની પિંકીની તંદુરસ્તી અંગે પણ સભાન રહેજે. પિંકી હજુ નાની છે. એને બિસ્કિટ–ચોકલેટ જેવી વસ્તુની ટેવ પાડીશ નહીં, બલકે, દાળિયાની દાળના લાડુ, સ્વાદિષ્ટ ખિચડી, ફળો, શાકભાજી વગેરેની ટેવ પાડજે. એ કડવી દવા ન પીતી હોય ત્યારે એના પર અકળાવાને બદલે એ દવા તારી જીભ પર મૂકી જોજે. એનાં બાળસહજ તોફાનો બાબતે સતત ટોકયા ન કરીશ.

વાણી, વિચાર અને વ્યવહાર એવાં રાખજે, કે જેથી ઘરમાં કે બહાર સંઘર્ષની તકો ઓછી રહે. સંઘર્ષ મનમાં કડવાશ આણે છે. યોગ્ય પડોશ મળે, તો તેમનાં દિલ જીતી લેજે. પરદેશમાં પહેલો સગો પાડોશી હોય છે, તેમ છતાં બહેનપણીનું દિલ જીતવામાં ઘરની ઉપેક્ષા ન થાય તે ખાસ જોજે. પડોશણનાં સુખ–સગવડોની ક્યારેય ઈર્ષા કરીશ નહીં. પડોશણનાં દુ:ખ–અગવડોની સામે કયારેય અભિમાન છલકાવીશ નહીં. દિલને આનંદ થાય એટલી છૂટથી જરૂર રહેજે, પણ ત્રેવડ ત્રીજો ભાઈ છે, એ પણ બરાબર યાદ રાખજે. મન–મર્કટની માગ અને ભૌતિક સુખોનો કોઈ અંત નથી હોતો પણ કેટલાક અણધાર્યા, કપરા સંજોગોમાં બચાવેલા પૈસા બહુ મદદરૂપ થાય છે એ યાદ રાખજે. તું જુદા પ્રદેશમાં રહે છે, તો ત્યાંથી સંસ્કૃતિ, ખાનપાન, પહેરવેશ વગેરે બાબતે મન ખુલ્લું રાખજે. તેનાથી તારૂ મન તો આનંદમાં રહેશે જ, પણ તું ત્યાંના લોકોમાં તારૂ સ્થાન બનાવી શકીશ, જે તને એક પ્રકારનો આત્મવિશ્વાસ આપશે.

પિંકી નાની છે ત્યારે તને કદાચ કામવાળી બાઈની જરૂર પડી જાય, તો તેની સાથે તું માનવતાથી વર્તજે. શકય છે કે એ પણ એની નાનકડી દીકરીને એકલી મૂકીને મહિનાના દોઢસો–બસ્સો રૂપિયા ખાતર તારૂ કામ કરવા આવતી હોય. તારા પતિનો પગાર સારો છે. તમને મોટું મકાન મળ્યું છે, અવનવી સગવડો પણ હશે. કેટલીકવાર વધારે સગવડો મળતાં આપણી બુદ્ધિ સંવેદનરહિત, બુઠી થઈ જાય છે. તું તારા મન–પ્રાણને બૂઠાં થવા ન દઈશ.

સવારે પંખીઓને ચણ નાખજે. જમતાં પહેલાં અબોલ પ્રાણીઓનો ભાગ કાઢજે. બને તો આંગણામાં એકાદું ઝાડ ઉછેરજે. શિષ્ટ વાંચન રાખજે. મધુર સંગીત સાંભળજે.

હા, છેલ્લી વાત. તારા સાસરિયે નિયમિત ફોન કરજે. એમને કયારેય પણ, કોઈ પણ રીતે જરૂર તમારી પડી શકે છે એ સમયે થોડાંમાં ઝાઝું સાંભળવાની દરકાર રાખજે. મને ખાતરી છે કે તારૂ ઘર પ્રસન્નતાનું મંદિર બની જશે. – **મીનાક્ષી ચંદારાણા**



# બાલ એકસપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## હસવાની મનાઈ છે.

મગન: પપ્પા, મેં કંઈ નહોતું કર્યુ તોય શિક્ષકે મને ઠપકો આપ્યો.
પપ્પા : કેમ, તેં શું નહોતું કર્યુ ?
મગન: લેશન

પપ્પા : મગન, પાંચ કેરી છ માણસો વચ્ચે કેવી રીતે વહેંચીશ ?
મગન: તેનો રસ કાઢીને.

શિક્ષક : સૌથી વધુ ઠંડી કયાં પડે ?
મનુ : સર, ફ્રીઝરમાં.

શિક્ષક : ઊર્વિ, 'મેં ચોરી કરી'. આ વાકયને ભવિષ્યકાળમાં ફેરવ.
ઉર્વિ : સાહેબ, કાલે તમે જેલમાં હશો.

કેમિસ્ટ્રીના પ્રાધ્યાપકની પત્ની ખૂબ ઝઘડી અને પછી રડવા લાગી. આંસુ વહેવા લાગ્યા આ જોઈને પ્રાધ્યાપક બોલ્યા, ''તારા આ આંસુની અસર મારા પર જરા પણ નહીં થાય સમજી ? આંસુ એ શું છે ? થોડું ફોસ્ફરસ, થોડું સોડિયમ કલોરાઈડ અને બાકીનું પાણી જ ને ?''

કેવલ : શું કોઈ સિંહની ગુફામાંથી જીવતો બહાર આવી શકે ?
વૃંદા : હા, પણ ગુફામાં સિંહ ન હોવો જોઈએ !

રાત્રે બાર વાગ્યે અમારી બુદ્ધિ ચાલી જતી નથી એવું સાબિત કરવા કેટલાક લોકો ટાવર નીચે ભેગા થયા. બરાબર બારના ટકોરા શરૂ થયા ત્યાં ઘડિયાળની અંદર જોઈ તેઓ બોલી ઊઠયા : 'એલા, નાનો કાંટો કયાં ગયો ?'

નટખટ નટુની પરીક્ષાનું પરિણામ આવ્યું. બીજા વર્ષેય નાપાસ. ઘેર સમાચાર કેમ આપવા તેની મૂંઝવણ થઈ. મિત્રને પૂછયું, ''પપ્પાને જાણ શી રીતે કરૂ ? રૂબરૂ કહીશ તો તો...'' મિત્ર સમજી ગયો અને નટુને સલાહ આપી, ''તું એમ કર. મોબાઈલમાં એસ.એમ. એસ. મૂકી દે. પપ્પા, પરિણામમાં કંઈ નવીન નથી. ગયા વર્ષનું પુનરાવર્તન થયું છે.''

## રસોડાની જવાબદારી



શિશુવંદના
ગિજુભાઈ ભરાડ

દરેક ઘરના રસોડાની એ જવાબદારી છે કે બાળકની ખાદ્ય પદાર્થો પ્રત્યેની અભિરૂચિ સારી રીતે કેળવાયેલી રાખે. લગભગ તમામ શાળાઓની બહાર એવી લારીઓ ઊભી હોય છે કે જયાં આરોગ્ય માટે ખતરારૂપ ખાદ્યસામગ્રીઓ વેચાતી હોય છે. બહાર તૈયાર મળતી બટેટાની વેફર્સ ને બદલે બાળકને ઘરમાં જ બટેટામાંથી જાતે બનાવેલ વેફર્સ તળીને આપવાનો ઉપક્રમ રાખવો જોઈએ. એવું જ તલસાંકળી અને સીંગપાકનું છે. કારણ કે રસોડામાં જયારે આપણે કંઈ બનાવીએ છીએ ત્યારે એની કાચી સામગ્રીની ઉચ્ચ ગુણવત્તા જાતે પસંદ કરી શકીએ છીએ. એની સામે બજારમાંથી મળતી વસ્તુઓમાં તો નફાનું ધોરણ સાચવવાની ઔદ્યોગિક જવાબદારીને કાચી સામગ્રીની ગુણવત્તા જોઈએ તેવી જળવાતી નથી. તૈયાર થઈને આવેલી વસ્તુઓની મૂળ સામગ્રી કેવી છે એ પણ ઘણા કિસ્સાઓમાં આપણે જાણી શકતા નથી. બાળકના આરોગ્ય અને એની અભિરૂચિની જવાબદારી આપણા રસોડાની જ છે.

એ માટે ઔદ્યોગિક ઉત્પાદકોને દોષ દેવો નકામો છે.

**બાલમિત્રો,**



આજકાલ સૌને જંકફુડ ખાવાની ઈચ્છા થાય છે અથવા ટેવ પડી ગઈ છે આવુ શા માટે છે એ સમજાતુ નથી પણ બાળકોની સાથે માતા પિતા પણ એમની હા મા હા મેળવે છે પણ બાળમિત્રો તમે એ જાણો છો કે જંકફુડના નામપે આપણે પેટમાં કેટલા કાર્બોહાઈડ્રેટસ, કેલેરી અને ફેડ પેટમાં પધરાવીએ છીએ તેની આપણને ખબર નથી હોતી. જંકફુડ ખાવાની ના નથી પણ આપણું શરીર, મન, પેટ બગડે એટલુ ન ખાવું જોઈએ પ્રમણમાં ખાવાથી શરીર, પેટ ના પાડે.

જંકફડ સાથે આપણું રોજનું ભોજન લેવુ જરૂર છે આપણે શું કરીએ છીએ જંકફુડ વધુ ને જમવા ઓછું આમ કરવાથી લાંબા ગાળે નુકસાન આપણને જ થતું હોય છે. ચેતીને ચાલવા જેવુ છે.

## ગીત

પંખીનો કલરવ મને મીઠો મીઠો લાગે,
મનને લોભાવે એવો મીઠો મીઠો લાગે...
રંગબેરંગી પીંછા ફેલાવી,
મોરલા રે નાચતાને ટહુકાર કરતા...પંખીનો...
આંબાની ડાળે કોયલ રાણી
કૂદુ–કૂદુ કરીને ગીતડાં એ ગાવે.... પંખીનો...
કાબરબાઈ તો કલશાઉર કરતાં,
કાગડભાઈ તો કા–કા રે કરતા... પંખીનો...
કબૂતરનું ઘૂ–ઘૂ ચકલી ચીં–ચીં,
પોપટભાઈતો મીઠું – મીઠું બોલતા.... પંખીનો...

**નામ : સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા**
**શ્રી અંટાળિયા પ્રા. શાળા– પ્રા. શિક્ષક**
**મો : ૭૬૯૮૨ ૮૩૮૦૮**

## માળાનાં મોતી સુવિચાર

તમારી ખ્યાતિની ખબર તમને એક જ વખત પડે છે – જયારે તમે તેનાથી ઊલટું આચરણ કરતા હો છો ત્યારે.

ગુસ્સો કરવો એટલે બીજાઓના દોષનો બદલો આપણી જાત પર લેવો.

માણસ કઈ રીતે રમત ખેલે છે તેમાંથી એના ચારિત્ર્યનો એક અંશ દેખાય છે. રમતમાં એ કેવી રીતે હારે છે તે એનું સમગ્ર ચારિત્ર્ય છતું કરે છે.

આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાનો છું. તેથી જો હું કશી મમતા બતાવી શકું તેમ હોઉં, કે સારૂં કામ કરી શકું તેમ હોઉં તો લાવ, અત્યારે જ તે કરી લઉં કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી.

## માંતગિની હાજરા







**જન્મ : – ૧૯ ઓકટોબર, ૧૮૭૦**
**વીરગતિ : ૨૯ સપ્ટેમ્બર, ૧૯૪૨**

હિંદમાં ચારેકોર અંગ્રેજો સામે સરઘસો નીકળતાં હતાં. સૂત્ર હતું. 'હિંદ છોડો', સાલ હતી. ૧૯૪૨... અને અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા યુવાનો–યુવતીઓ અને વૃદ્ધો પણ સરઘસોમાં કીડિયારાની જેમ ઊભરાતાં હતાં. ગોરાઓએ અનેક નગર–મહાનગરના લોકો પર જોહુકમી કરી હતી, પરંતુ એક નગર એવું હતું જયાં તેમનું કંઈ જ ચાલતું નહીં. આ નગર હતું મેદિનીપુર. હિંદના બધાં જ નગરોમાં આઝાદીની હવા સત્યાગ્રહ સ્વરૂપે ચાલતી હતી. મેદિનીપુર સ્વતંત્રતાનો ગઢ હતો. અંગ્રેજોએ બહુ જોહુકમી ચલાવી પણ અહીં તેઓએ પીછેહઠ કરવી પડતી હતી. ગોરી સરકારની આંખમાં આ નગર કણાની જેમ ખટકતું હતું. સત્યાગ્રહી વીરોનું જબરજસ્ત સરઘસ નીકળ્યું હતું. ગણ્યાં ગણાય નહીં નાના–મોટાં, યુવક–યુવતીઓ, બાળકો–વૃદ્ધો સહુ કોઈ માભોમની આઝાદી માટે આ સરઘસમાં જોડાયાં હતાં. ગોરી સરકારનો હુકમ હતો. 'કચડી નાંખો આંદોલન' પણ સૈનિકો કોને કચડી નાંખે ? સામે તો મોટા ઘોડાપૂરની જેમ મેદિનીપુરની જનતા સ્વયંભૂ રીતે આગળ વધતી હતી. ન્યાત–જાતના ભેદ સિવાય બધાં એકીસાથે આળત વધતાં હતાં. કેપ્ટને હુકમ કર્યો, 'કીડિયારાને રોકી દો' પણ કોઈ રોકાયું નહીં. બધાં આગળ વધતાં હતાં. બંદૂકો તકાઈ છતાં જાનની પરવા કર્યા કીડિયારૂ આગળ વધતું હતું. કેપ્ટને પૂછયું, 'કોણ છે આ સરઘસનો સરદાર ?' 'હું' – સફેદ ખાદીની સાડીમાં સજજ, એક હાથમાં શંખ અને બીજા હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે ૭૬ વર્ષના એક વૃદ્ધ મહિલા આગળ આવ્યાં. તેમનું નામ હતુ માતંગિની હાજરા. તેમનો જન્મ ૧૯ ઓકટોબર, ૧૮૭૦ના રોજ બંગાળના તમલુ નામના સ્થાને થયો હતો. તેમને ઈએ કેપ્ટનનો ગુસ્સો વકર્યો, 'એય, ડોસી, બધાંને પાછા વળી જવાનું કહી દે.' માતંગિની હાજરાએ જવાબ આપ્યો, 'પાછા તો તમારે વળવાનું છે, અમે તો આગળ વધતાં રહીશું અને જયાં તમારો વાવટો છે. ત્યાં અમારો આ ધ્વજ ફરકાવીશું.' આમ જવાબ આપી તેમણે શંખ ફૂંકયો અને વીર જવાનોને આગળ વધવા આદેશ આપ્યો. ગોરા કેપ્ટને હુકમ કર્યો ફાયર અને માતંગીની હાજરા વીંધાઈ ગયાં. એક ખભો લોહીલુહાણ થયો છતાં તેમણે બીજા હાથમાં શંખ લઈને ફૂંકયો. આગળ વધ્યાં ને બીજી ગોળી આવી. બીજા ખભો ચીરતી નીકળી ગઈ, છતાં તેમણે ધ્વજને ન પડવા દીધો. અંતે ત્રીજી ગોળી માતૃભૂમિના તિલક સમાન તેમના કપાળમાં લાગી. ભારતમાતા કી જયના નારા સાથે બહાદુર મહિલા શહીદ થયાં. તેમના માથા પર રાષ્ટ્ર ધ્વજ હતો. ૧૯૪૨ના ઓગસ્ટની ૨૯મી તારીખે ૭૨ વર્ષની વયે આજીવન રાષ્ટ્રસેવા કરનાર માતંગિની હાજરાએ માભોમની રક્ષા કાજે વીરગતિ વહોરી લીધી.

**ઘુટ્ટી મેં જો રાષ્ટ્રભકિત કા પાન કિયા કરતે હૈ, સ્વતંત્રતા અનમોલ સમઝ બલિદાન દિયા કરતે હૈ**

### ભાગ–૨





**જગદીશભાઈ પટેલ**

વિમાનમાં નાસ્તો આપવામાં આવ્યો. અમે બધાં શાકાહારી છીએ એટલે બધાંને શાકાહારી ગરમ ગરમ નાસ્તો એર હોસ્ટેસે પીરસ્યો. વિમાનની બધી સેવિકાઓ એકસરખા ચહેરાવાળી, ગૌરવર્ણની દેખાવડી અને સંસ્કૃત લાગી. ઘણાં વર્ષો પહેલાં મેં એર–ઈન્ડિયામાં એક પ્રવાસ કરેલો ત્યારે એક સેવિકાને પ્રૌઢ ઉમરની, ચરબીથી ભરેલા શરીરવાળી અને કંઈક કાળા રંગવાળી જોઈ હતી. મને નવાઈ લાગી કે ૪૦–૪૫ વર્ષ વટાવી ગયેલી આવી સેવિકા એર–ઈન્ડિયાએ કેમ રાખી હશે ? તે ઝડપથી આવ જા કરી શકતી નહોતી, કારણ કે તેનું શરીર ભારે હતું. સાથેના પ્રવાસીને મેં પૂછયું કે આવી સેવિકા મેં પહેલી જ વાર જોઈ છે. બાકી બધાં વિમાનોમાં ચપળ, સ્ફૂર્તિવાળી અને નાની ઉંમરની સેવિકાઓ દોડાદોડ કરતી જોવામાં આવી છે. સાથેના પ્રવાસીએ મને કહ્યું કે આ અનામતનો જમાનો છે અને તેથી કદાચ આ બહેનને જગ્યા મળી હશે. જે હોય તે, મને ખાતરી નથી. હું કોઈ પણ પ્રકારના નાત–જાતના ભેદભાવમાં કે શારીરિક દેખાવમાં માનતો નથી, તોપણ જે જગ્યાએ જેવું ઘટતું હોય તેવું જ શોભે. આપણે વિની અસંખ્ય મેરલાઈનોની સ્પર્ધામાં કામ કરવાનું છે અને તેમના સ્તર કરતાં જો ઊતરતો સર રાખશું તો સ્પર્ધામાં ટકી શકીશું નહીં અને ફેંકાઈ જઈશું. સારૂ એ છે કે પાઈલટની જગ્યા અનામતના જોરે પુરાતી નથી, નહીં – પ્રવાસીઓની શી દશા થાય ? નાસ્તામાં વળી પાછો જૈન નાસ્તો પણ છે. અમારી સાથે ગૂર્જર પ્રકાશનવાળા મનુભાઈ શાહ પણ સપરિવાર પ્રવાસ કરી રહ્યા છે. તેમણે પહેલેથી જ જૈન નાસ્તો લખાવેલો હોવાથી જૈન નાસ્તો આપવામાં આવ્યો. જૈનો હવે અલ્પસંખ્યકો બન્યા છે. શરૂઆતમાં કેમ્પ અને જ અલ્પસંખ્યક થવાનો વિરોધ કરેલો, પણ મેં જ સલાહ આપેલી કે તમે અલ્પસંખ્યક થવાના ચાન્સને સ્વીકારી શું શું કરવી નહીં, કારણ કે અલ્પસંખ્યકોના મોટા ખીચડામાં જેટલા વધુ લોકો દાખલ થશે તેટલો જ લાભ યોગ્ય લોકોને મળતા પખી અને આયોગ્ય લોકોના લાભ અંતે તો રાષ્ટ્રીય લાભ થઈ જશે કે જૈન નાસ્તો ફાયદાકારક લાગ્યો, કારણ કે તેમાં ઉપમા વગેરે સારી વસ્તુઓ હતી. એટલે અમે બધાંએ નક્કી કર્યુ કે હવે પછી પણ જૈન નાસ્તો મંગાવવો. આખી દુનિયા સગવડોની શોધમા છે. સગવડો સૌને ગમે છે. જોકે મનુભાઈ ચુસ્ત જૈન નથી તો પણ લાભ મળતો હોય તો શા માટે જતો કરવો ? અમારે પેટલાદમાં એક શિક્ષણસંસ્થા ચલાવનારા બે ભાઈઓએ મને એ વાત કરી કે હવે અમે જૈન થઈ ગયા છીએ. મેં કહ્યું કે કે કેમ ? તો કહે કે માઈનોરિટીના હકમાં હવે અમારે કર્મચારીઓમાં અનામતનું ધોરણ લાગુ પડશે નહીં. આ બધાં ધોરણો માત્ર ને માત્ર બહુસંખ્યકો માટે જ છે. મને થયું કે આવા લાભો મેળવવા ભવિષ્યમાં બીજા અલ્પસંખ્યકોમાં ભળે તેના કરતાં જૈનોમાં મને ખોટું ન કહેવાય, કારણ કે જૈનો રાષ્ટ્રવાદી હોય છે, જયારે બીજા કેટલાક રાષ્ટ્રની ઉપેક્ષા કરીને કોઈ દૂરના રાષ્ટ્રમાં ભક્તિ રાખનારા પણ હોઈ શકે છે. જોકે આવું બધાં માટે નથી તોપણ આવી શંકા થતી રહી છે. વિમાન સડસડાટ ઊડી રહ્યું છે અને નીચે કશુંજ દેખાતું નથી, પણ હવે મુંબઈ નજીક આવ્યું છે તેથી ધીરેધીરે વિમાન નીચે ઊતરી રહ્યું છે. મુંબઈ ભારતની ભવ્ય આર્થિક રાજધાની છે, પણ જો તમે વિમાનમાર્ગે મુંબઈ જાઓ તો સૌથી પહેલાં તમારે મુંબઈની ભવ્યતાનાં દર્શન નહીં પણ વિની સૌથી મોટી ગીચ ઝૂંપડપટ્ટીનાં દર્શન કરવાં પડે. ઝૂંપડપટ્ટીનાં ઝૂંપડાં છેક એરપોર્ટના વરંડાને અડીને થયાં છે. સુરક્ષાની શું ગેરન્ટી ? હશે. ચાલો, જયારે કોઈ મોટી ઘટના ઘટશે ત્યારે આંખ ઊઘડશે. આપણે મોટામોટા બંગલા તોડી શકીએ છીએ, ઊંચાઊંચા ફલેટો તોડી શકીએ છીએ, પણ ગેરકાયદે રાતોરાત થઈ ગયેલી ઝૂંપડપટ્ટીને અડી પણ શકતા નથી. આ ઝૂંપડપટ્ટીમાં પણ એક અલગ શાસક હોય છે. તે દબંગ બધાં પાસેથી કર વસૂલે છે, લાઈટ આપે છે અને શાસન કરે છે. કોઈ રાજનેતા તેનું પૂરેપૂરૂ રક્ષણ કરે છે. બદલામાં તેને પેલો જથ્થાબંધ મત અપાવે છે. બંનેના સોદા બરાબર ગોઠવાઈ ગયા છે. હવે પોલીસનું અહીં કશું ન ચાલે. આવાં ઝોંપડીસ્થાનો લગભગ પૂરા ભારતમાં બધાં શહેરોમાં થઈ ગયાં છે. અંતે વિમાન ઊભું રહ્યું અને અમે બધાં બહાર નીકળ્યાં. મારા માટે વ્હીલચેર તૈયાર જ હતી. તેમાં હું બેઠો અને શ્રી જગદીશભાઈ (જગડુશા) સાથે ગેટ – ૫૧ તરફ વિદાય થયા. હું પહેલી વાર લંડન ગયેલો ત્યારે હિથ્રો એરપોર્ટની ૮૦ ગેટથી બહુ પ્રભાવિત થયેલો. ઓહોહો! આટલી નવી ગેટ ! કારણ કે ત્યારે અમદાવાદમાં અને મુંબઈમાં પણ બે જ ગેટો હતી. એક આવવાની અને બીજી જવાની. વિમાન–વ્યવહાર બહુ ઓછો હતો. હવે આપણે બહુ મોટો કૂદકો માર્યો છે અને હિથ્રો કરતાં પણ વધુ ગેટ મુંબઈમાં થઈ ગઈ છે.

## સૂપડકન્નો રાજા

એક હતો રાજા. તે એકવાર શિકારે ગયો. શિકાર પાછળ બહુ દૂર નીકળી ગયો પણ શિકાર હાથ લાગ્યો નહીં. સાંજ પડી જવા આવી અને ભૂખ પણ બહુ લાગી. રાજા રસ્તો ભૂલ્યો હતો એટલે ગામમાં જઈ શકાય એવું ન હતું, તેથી એક વડલા નીચે ભૂખનો વિચાર કરતો બેઠો. એટલામાં વડલા ઉપર તેના તેણે એક ચકીને એક ચકો જોયાં. ભૂખ બહુ લાગી હતી એટલે તેણે તમેને મારીને ખાઈ જવાનો વિચાર કર્યો. ચકલાંઓ બિચારાં માળામાં શાંતિથી બેઠાં હતાં. ત્યાંથી તેમને પકડી ગળાં મરડી નાખી શેકીને રાજા તો ખાઈ ગયો. રાજાને તો આથી મોટું પાપ લાગ્યું, અને તેથી તરત જ રાજાના કાન સૂપડા જેવા થઈ ગયા. રાજા તો વિચારમાં પડયો કે હવે તે કરવું શું ? એ તો રાત્રે ગુપચુપ રાજમહેલમાં પેસી ગયો અને પ્રધાનને બોલાવીને બધી વાત કહી જુઓ, પ્રધાનજી ! તમે કોઈને આ વાત કોઈને કહેશો નહીં અને કોઈને અહીં સાતમે માળે આવવાય દેશો નહીં.

પ્રધાન કહે – ઠીક. પ્રધાને કોઈને વાત કહી નહીં. એટલામાં રાજાને હજામત કરાવવાનો દિવસ આવ્યો એટલે રાજાએ કહ્યું . માત્ર હજામને આવવા દો.

માત્ર હજામ એકલો જ સાતમે માળે પહોંચ્યો.

હજામ તો રાજાના સૂપડા જેવા કાન જોઈ વિચારથ પડી ગયો ! રાજા કહે – એલા ધનિયા ! જો કોઈને મારા કાનની વાત કરી છે તો ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ! જીવતો જવા દઉં સમજયો ?

હજામ હાથ જોડીને કહે–હોં, બાપુ! હું તે કોઈને કહું ?

પણ હજામની જાત કહેવાય ના? એટલે વાત પેટમાં ખદબદવા લાગી.





ધનિયો આઘો જાય, પાછો જાય અને કોઈને વાત કરવાનો વિચાર કરે. પછી એ તો દિશાએ જવા ગયો. વાત તો પેટમાં ઉછાળા મારે અને મોઢેથી નીકળું નીકળું થાય. છેવટે હજામે જંગલમાં એક લાકડું પડયું હતું તેને વાત કહી – રાજા સૂપડકન્નો, રાજા સૂપડકન્નો. લાકડું આ વાત સાંભળી ગયું એટલે તે બોલવા લાગ્યું. –રાજા સૂપડકન્નો, રાજા સૂપડકન્નો. ત્યાં એક સુતાર આવ્યો. સુતાર લાકડાને આમ બોલતું જોઈને વિચારમાં પડયો. તેણે વિચાર કર્યો લાવને આ લાકડાનાં વાજિંત્રો બનાવું અને રાજાને ભેટ ધરૂ, એટલે રાજા ખુશ થાય! પછી સુતારે તો એ લાકડામાંથી એક તબલું, એક સારંગી અને એક ઢોલકી બનાવ્યાં. સુતાર રાજાને એ નવાં વાજિંત્રો ભેટ ધરવા ગયો ત્યારે રાજાએ કહેવરાવ્યું–મહેલમાં નીચે બેઠાં બેઠાં સંભળાવો,

સુતારે વાજિંત્રો મૂકયાં એટલે તબલું વાગવા લાગ્યું...

રાજા સુપડકન્નો, રાજા સુપડકન્નો. ત્યાં તો સારંગી ઝીણે સૂરે લલકારવા લાગી...તને કોણે કીધું ? તને કોણે કીધું? એટલે ઢોલકી ઊંચી થઈ ઢબક ઢબક બોલવા લાગી...

ધનિયા હજામે ! ધનિયા હજામે !રાજા આ વાત સમજી ગયો. એટલે સુતારને ઈનામ આપી વાજિંત્રો રાખી લઈ ભરમ ખુલ્લો ન પડે તેમ તેને રવાના કર્યો પછી ધનિયા હજામને બોલાવ્યો ને પૂછયું – બોલ ધનિયા તે કોઈને વાત કહી છે? ધનિયો કહે – સા'બ કોઈને નથી કહી. પણ વાત પેટમાં બહુ ખબબદતી હતી એટલે એક લાકડાને કહી છે. પાછી રાજાએ ધનિયાને કાઢી મૂકયો ને વાળંદ જેવી જાતને આ વાતની ખબર પડવા દીધી તે માટે પોતે પસ્તાવો કરવા લાગ્યો.

## વિકલ્પનો અસ્વીકાર !

વિદ્યાર્થી અને પરીક્ષા ! પરીક્ષા અને પરિણામ ! પાસ અને......નાપાસ!!

બાળદોસ્તો! ભણતાં ભણતાં પરીક્ષા આવે છે. તમારા જ્ઞાનની કસોટી કરે છે ને ? એમાંય કોઈ કોઈ વિષયનાં પ્રશ્નપત્રો તો જાણે એવાં નીકળે કે....તોબા ! માથું જ જાણે ફેરવી નાખે એવાં !

તો વળી ઘણા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા પોતે જ આખી માથાના દુ:ખાવા સમાન હોય છે! એવા વિદ્યાર્થીઓ તો એમજ ઈચ્છતા હોય છે કે... આ દુનિયામાંથી પરીક્ષા જ બિલકુલ કાઢી નાખવી જોઈએ !

દોસ્તો! આવું આવું કંઈ બધા જ વિદ્યાર્થીઓ નથી ઈચ્છતા હોતા. જેઓ સારી રીતે અભ્યાસ નથી કરતા, વર્ગમાં જેઓ સારી રીતે ધ્યાન નથી આપતા ને જેઓ દિવસ આખો રખડવાનો જ લ્હાવો લે છે તેઓ માટે જ, આમ, પરીક્ષા એ માથાના દુ:ખાવા સમાન, કંટાળાજનક બનતી હોય છે.

બાકી જેઓ સાચા વિદ્યાર્થીઓ છે, તેઓને ભણીગણીને આગળ વધવું છે. તેઓને તો પરીક્ષા એ જાણે કે ''દેવી'' છે!

ખરેખર તો પરીક્ષા ન હોય તો કેમ જાણી શકાય કે તમે કોણ છો, કેવા છો, કેટલું જાણો છો.....!

તેથી પરીક્ષા તો હોવી જરૂરી છે. એ તમારા જ્ઞાનની કસોટી છે. ને સાચી કસોટી તો તે જ કરાવી શકે જે સાચા અર્થમાં ''અભ્યાસી'' હોય, જે સાચા અર્થમાં ''વિદ્યાર્થી'' હોય ખરૂ ને ?

જે સાચા અર્થમાં ''વિદ્યાર્થી'' હોય છે, જેને જીવનમાં આગળ વધવાની ઉમેદ હોય છે એવા વિદ્યાર્થીઓ તો ઊલટાની પરીક્ષાની રાહ જ જોતા હોય છે કે કયારે પરીક્ષા આવે ને કયારે હું મારૂ ''પાણી'' બતાવી દઉં !

આવા જ એક વિદ્યાર્થીએ પોતાનો શાળાનો અભ્યાસ પૂરો કરી લીધો.

શાળાના અભ્યાસમાં તે ખૂબ હોશિયારને તેજસ્વી હતો. ત્યારબાદ તે કાલેજમાં આવ્યો.

વર્ષ આખું તો એ એવું ભણ્યો ને વર્ગમાં એવા જવાબો આપ્યા કે કાલેજના પ્રાધ્યાપકો ને અન્ય સહાધ્યાયીઓય મોંમાં આંગળાં ઘાલી ગયેલા.

કોઈ પણ પુસ્તકના કોઈ પણ પાના પરની કોઈ પણ વાત વિષે તેને પૂછવામાં આવે તો તે એવો કડકડાટ જવાબ આપી દે કે સૌ દંગ થઈ જાય.

આ વિદ્યાર્થી ખૂબ કુશાગ્ર બુદ્ધિનો હતો. એને શરૂથી જ ગણિત પ્રત્યે અપાર પ્રેમ.

શાળાના અભ્યાસ દરમિયાન પણ ગણિતના પેપરમાં એને હંમેશાં પૂરે પૂરા માકર્સ મળે.

સોમાંથી સો !

પરીક્ષક આ વિદ્યાર્થીના પેપરને ખૂબ કાળજીથી તપાસે, ભૂલ શોધવા બહુ મથે ને એમ કરીને એકાદ માર્ક કાપી લેવા બહુ માથું ફોડે ! પણ આ વિદ્યાર્થી જવાબો લખવામાં એટલો ચોક્કસ હતો કે..... પરીક્ષકને બિચારાને નાછૂટકે પૂરા માકર્સ આપવા પડે !

એક મીંડાનીય ભૂલ તેના પેપરમાં ના મળે! એટલો ચોક્કસ, ને વળી, એટલો જ ચોખ્ખો !

આવો આ વિદ્યાર્થી કાલેજમાં પણ એવો હોશિયાર અને ચોક્કસ રહ્યો. ખૂબ અભ્યાસી પણ ખરો જ.

હવે એક વખતની વાત. કોલેજનું પ્રથમ વર્ષને કાલેજના પ્રથમ વર્ષની એ વાર્ષિક પરીક્ષા.

ગણિતનું પેપર આવ્યું ને આ ભાઈને તો જાણે રસગુલ્લાં મળ્યાં ! ખૂબ ખુશ થતો થતો એ તો માંડયો જવાબો લખવા.

# ચકલીનો બચાવ

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**

કબુકબુ, આજા, આજા ! — હસમુખ બોરાણિયા



એક હતું ગામ. ગામના પાદરમાં એક ઘર. આ ઘરમાં ચકલી માળો બાંધીને રહે. ઘરમાં એક બિલાડી રહે, કૂતરો રહે, ખેડૂતનું ઘર એટલે ગાય, ભેંસ, બળદ પણ હોય ! ઘરની સામે બાંધેલ કોઢમાં આ પ્રાણીઓ રહે. ચકલીને ગાય, ભેંસ, બળદ સાથે ભાઈબંધી, કયારેક બળદનાં શિંગડે બેસે, બળદ માથું હલાવે તો ચકલીને હીંચકા જેવું લાગે.

બિલાડી ચકલીનો શિકાર કરવા મથે. છુપાઈને રાહ જુએ. ચકલી ચણતી હોય ત્યારે તરાપ મારે. ચકલી ઊડી જાય.

આ તરફ કૂતરો પણ વિચારે : "ચકલીનો શિકાર કરવો છે." કૂતરો તકની રાહ જોયા કરે. બિલાડી પણ તકની રાહ જોયા કરે. પણ ચકલી હાથમાં આવે નહીં. કૂતરો ચકલી સાથે દોસ્તી કરવા મથે. ચકલીને કહે, 'કયારેક મારી સાથે રમતી હોય તો? હું તને પીઠ પર બેસાડીને દોડની મજા કરાવું.'

ચકલી કહે, 'ના, હોં ! તું મને ખાઈ જાય તો? વળી દોડની મજા લેવાની મારે કયાં જરૂર છે ? મને તો ઊડતાં આવડે છે.'

કૂતરાને થયું, બિલાડી મારી વાતમાં આવશે નહીં.


બિલાડી પણ ચકલી સાથે દોસ્તી કરવા મથે. ગાય, ભેંસ, બળદ સાથે રમતી ચકલીને કહે, 'કયારેક મારી સાથે પણ રમતી હોય તો ? હું તને મારી પીઠ પર બેસાડીને એક અગાસીમાંથી બીજી અગાસી પર કૂદકા ખવડાવું. 'ચકલી કહે, ના, હોં! તું મને ખાઈ જાય તો? વળી મારે કૂદકો ખાવાની જરૂર નથી. મને ઊડતાં આવડે છે.' બિલાડીને થયું : 'ચકલી મારી વાતમાં આવશે નહીં.'

એમાં એક દિવસ એવું બન્યું – ચકલી ચણતી હતી. ત્યાં બિલાડી આવી. સામે કૂતરો બેઠો હતો. વિચારતો હતો : ચકલીનો શિકાર કરવો એના કરતાં બિલાડીનો શિકાર કરવો સારો. કૂતરો બિલાડીનો શિકાર કરવા દોડયો. આ બાજુ બિલાડીએ ચકલીને પકડવા તરાપ મારી. શિકાર હાથવેંતમાં હતો. હમણાં ચકલી પકડાઈ ગઈ સમજો. ચકલી બેખબર હતી. આ બધું બળદ જોતો હતો. તેને થયું ચકલી ઊડી જાય તો સારૂ. હમણાં શિકાર બની જશે.

ગાય અને ભેંસે પણ વિચાર્યુ. હવે શું કરવું ? ગાય ભાંભરવા લાગી, ભેંસ શિંગડાં ઉલાળવા લાગી. બળદ ભડકીને ઊભો થયો. એટલે બિલાડી ડરીને ભાગી ગઈ. કૂતરાને કંઈ સમજાયું નહીં. શું થાય છે ? આ બધું થયું ત્યાં ચકલી ઊડીને માળામાં બેસી ગઈ !

બીજા દિવસે બળદનાં શિંગડાં પર બેસી હીંચકા ખાવા લાગીને ચીં.... ચીં... ચીં... કરવા લાગી.

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી — જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. વેરને ભૂલી જાઓ.
૨. જયારે ઝેર પીવાનો પ્રસંગ આવે ત્યારે પ્રેમથી શ્રી રામ શ્રી રામ બોલો. રામ બોલવાથી તાલુમાંથી અમૃત ઝેર છે. તેથી ઝેર ત્રાસ આપતું નથી.
૩. મોટા ભાઈ રામ બને તો નાનો ભાઈ ભરત, લક્ષ્મણ જેવો થશે.
૪. ભારતભૂમિ કર્મભૂમિ છે. આ ભૂમિમાં જેવું કરશો તેવું ફળ મળશે. તમે બીજા માટે જેવો ભાવ રાખો તેવો ભાવ બીજા તમારા માટે રાખશે.
૫. પ્રેમ માગશો નહિ, પ્રેમ બીજાને આપજો. વિકાર, વાસના, સ્વાર્થ આવે ત્યારે પ્રેમ ખંડિત થાય છે. બીજાને સુખી કરવાની ભાવના રાખનારો કોઈ દિવસ દુ:ખી થતો નથી.
૬. પ્રારબ્ધ ભોગવવું પણ નવું પ્રારબ્ધ ઊભું ન થાય તેવી કાળજી રાખવી.
૭. વૈરાગ્ય અંદર હોવો જોઈએ. જગતને બતાવવા માટે નહિં.
૮. સુખી થવું હોય તો આ ચાર ક્રિયાપદો યાદ રાખજો : ચાલશે, ભાવશે, ફાવશે, ગમશે
૯. સર્વને માન આપશો તમારૂ જીવન મીસરી જેવું મધુર થશે.
૧૦. જેના દર્શનથી સ્વભાવ બદલાય એ ઈશ્વર.

# મધદરિયાનો મહેમાન

સુજલની સાહસકથા — નલિન મહેતા — પ્રકાશક : ભદ્રા મહેતા

જળસપાટીની બહાર હોડીના ભાગને અઢેલી, ખડક ઉપર ઘેલીમાંના કપડાનું આસન બિછાવી, હું સામે પથરાયેલા સમુદ્રને તાકતો બેઠો. મારી બાજુમાં હોડીમાંથી આણેલ બે હલેસા પડેલા. રાત્રીના અંધકારમાં સુસવાટા મારતા મોજાંઓ ધસમસતા ખડક સાથે અફળાઈ પાછા ફરતા તેમને જોવા સિવાય મારે કશું કરવાનું નહોતું. એટલામાં મારી નજર થોડે દૂર જળ સપાટીમાંથી ઉપસીને ક્ષણભરમાં વિલીન થતી આકૃતિ પર પડી. મારા મસ્તિકમાં મગરમચ્છ અને વ્હેલ માછલીના તસ્વીરો ઘુમરાવા લાગી.અહીંથી નાસી છુટવાનો માર્ગ નહોતો, કેમ કે હોડીનો ઉપયોગ હું કરી શકું તેમ નહોતો. મારી પાસે આવા ખૂંખાર જળચર સામે બચવાનું પણ કશું સાધન નહોતું, સિવાય કે બાજુમાં પડેલા બે હલેસાં. પણ એ લાકડાની તલવારો વડે કયાં સુધી ટક્કર ઝીલી શકાય તે એક મોટો સવાલ હતો. પરંતુ પરીક્ષામાં – પછી તે શાળાની હોય કે જીવનની આપણે ઈચ્છીએ તેવા સહેલા સવાલો પૂછાતા નથી.આથી હવે તો પડશે તેવા દેવાશે એમ નિર્ધાર કરી હું મારૂ હાજર સો હથિયાર જેવું હલેસું ઉગામી, જયાં મેં પેલી આકૃતિને દરિયામાંથી ઉપસતી જોયેલી એ સ્થાન પર ધ્યાન કેન્દ્રિત કરતાં હુમલાની રાહ જોતો ઊભો રહ્યો.

અને હુમલો જો એને હુમલો કહી શકાય તો બિલકુલ ઊંધી દિશાએથી આવ્યો. "કયા હમ તમારેકુ કુછ મદદ કર સકતા હૈ ?" મારી બરાબર પાછળથી બોલાયેલું વાકય સાંભળતાં હું ચોંકી ઊઠયો. મારા હાથમાંથી હલેસું સરી પડયું. ઓચિંતા પાછા ફરવા જતાં સમતોલપણુ ગુમાવી હું ખડક પર બેસી પડયો.અર્ધડૂબેલી હોડીના પાછલે છેડે એક નવયુવકનું મલકાતું મુખ જોઈ હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. ખાસ કરીને તેના હિન્દી ભાષામાં ઉચ્ચારેલા વાકય માંહેનો શુદ્ધ કાઠિયાવાડી શબ્દ "તમારેકુ" કાને પડતાં હું દિગ્મૂઢ બની ગયો.

# એમનામાંના એક

મારા ગાંધીબાપુ — ઉમાશંકર જોશી — સંપા. મહેન્દ્ર મેઘાણી

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં ગાંધીજી જેલ ભોગવીને પાછા ફીનિકસ આશ્રમમાં આવ્યા અને તરત એમણે સાથીઓ આગળ પોતાનું મનોથંન રજૂ કર્યુ :


હજારો ભોળા નિરક્ષર લોકો મારા કહેવાથી મારી ઉપર શ્રદ્ધા રાખી લડાઈના દાવાનળમાં કૂદી પડયા અને અને દેખ્યું ન જાય એવું દુ:ખ એમણે વેઠયું છે. એમનાથી વેગળો હું કેમ રહું ? મારે એમનામાંના એક બનીને રહેવું જોઈએ. મારે કામ પ્રસંગે ગોરાઓને મળવું પડે કે રાજધાનીમાં જવું પડે તોપણ આ સત્યાગ્રહની લડત ચાલે છે ત્યાં સુધી કોટ–પાટલૂનને નેકટાઈ હું નહિ પહેરૂં. નાનકડા સમાજમાંના એક બનીને જીવવામાં મને રસ નથી આવતો. મારે તો આ હજારો ગિરમીટિયાઓમાંના એક બનીને જીવવું છે. લડતને કારણે વિધવા બનેલી બહેનોને આંસુ લૂછવા માટે મારે આટલું તો કરવું. જ જોઈએ. આવતી કાલથી એક લુંગી અને સાદું પહેરણ એ મારો પોશાક રહેશે. ખપની વસ્તુઓ રાખવા એક બગલથેલો રાખીશ. દલીલ થઈ : લુંગી કરતાં ધોતિયું સારૂ નહિ ? હરવુંફરવું વિશેષ ફાવશે. આપણો મૂળ પહેરવેશ પણ એ જ છે ને ?

# સ્વાદ તપને ખાઈ ગયો

વિવેકનો આશ્રય — સચિત્ર બાળવાર્તાઓ — પ્રકાશક : યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

એક તપસ્વી હતા. તેઓ વનમાં ઘોર તપ કરવા લાગ્યા. આથી ઈન્દ્રરાજા ગભરાયા. તે કઠોર તપશ્ચર્યા દ્વારા મારૂ ઈન્દ્રાસન લઈ લેશે. આથી એવો ઉપાય કરવો પડશે કે તે તપસ્વીનું વ્રત અધ્વચ્ચે જ તૂટી જાય. તેમને ફોસલાવવા માટે ઈન્દ્રે અપ્સરાઓને મોકલી, તેમને ડરાવવા રાક્ષસો મોકલ્યા, પરંતુ તપસ્વી જરા પણ ડગ્યા નહિ. હવે ઈન્દ્રે બીજી તરકીબ વિચારી. તેઓ એક ભકતનું રૂપ ધારણ કરીને એક થાળમાં મિષ્ટાન્ન લઈને ગયા. તપસ્વીએ પહેલાં તો ના પાડી કે હું આ બધું નથી ખાતો, પરંતુ પછીથી આગ્રહને વશ થઈને બધું ખાઈ લીધું. ત્યાર બાદ તેમને સ્વાદિષ્ટ ખોરાક ખાવાની ટેવ પડી ગઈ. તેઓ રોજ પેલા ભકતની રાહ જોવા લાગ્યા.

એક દિવસ વનપરી પોતાને ઘેર ભોજન કરવાનું આમંત્રણ આપવા આવી. તપસ્વી તેને ત્યાં ગયા. વિવિધ પકવાનો ખાઈને પ્રસન્ન થઈ ગયા. પરીએ કહ્યું કે આપ મારે ઘેર જ રહો. હું તમને રોજ જુદાં જુદાં પકવાન જમાડીશ. તપસ્વી લલચાઈ ગયા અને તેઓ રોજેરોજ પકવાન ખાવા લાગ્યા. પરી પર તેઓ મુગ્ધ થઈ ગયા અને તેની સાથે ગાંધર્વલગ્ન કરવા તૈયાર થઈ ગયા. તેમનો તપોભંગ થયો. ઈન્દ્ર ખૂબ પ્રસન્ન થયા અને બોલ્યા કે બીજા રસો કદાચ છોડી શકાય, પરંતુ સ્વાદલિપ્સા ભલભલાની સાધનાને નષ્ટ કરી નાખે છે. જેઓ પોતાની જીભ ઉપર નિયંત્રણ રાખે છે તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે છે, પરંતુ જેમણે સાધના કરવી હોય તેમણે તો તદન સાત્ત્વિક અને ઓછું ભોજન કરવું જોઈએ.



# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ભારતનું સૌથી વધારે મંદિરવાળું શહેર કયું છે ? – પાલીતાણા
(૨) ગ્રાંટ ટ્રંક રોડ કયા બે શહેરોને જોડે છે ? – દિલ્લી–કોલકાતા
(૩) વિશ્વમાં વસ્તીની દ્રષ્ટિએ ભારતનું સ્થાન કેટલામું છે ? – બીજું
(૪) ભારતમાં કયા જંગલોમાં સુંદર વૃક્ષો જોવા મળે છે ? – ભરતીવાળા
(૫) મેવાડ એ કયા રાજયનો પ્રદેશ છે ? – રાજસ્થાન
(૬) ભારતનું કેમિકલ બંદર કયું છે ? – દહેજ
(૭) આંધ્રપ્રદેશની ભાષા કઈ છે ? – તેલુગુ
(૮) ભારતમાં તાળાં ઉધોગ માટે કયું શહેર પ્રખ્યાત છે ? – અલીગઢ
(૯) ભારતમાં સૌપ્રથમ સુર્યોદય કયા રાજયમાં થાય છે ? – અરૂણાચલ પ્રદેશ
(૧૦) ભારતમાં સૌથી છેલ્લે સૂર્યાસ્ત કયાં રાજયમાં થાય છે ? – ગુજરાત

# ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## મોટી ઉંમરના નાના બાળકો

સમજદાર માણસો અણસમજમાં પોતાની દષ્ટિએ સમજણભરી રમૂજ કરી બેસતા હોય છે. જે સાધુ–સંતો સત્સંગ–પ્રવચન દ્વારા સંસારીને મોહમાયામાંથી મુકત થવાનું શીખવતા હોય, તેમના ચરણોમાં લાખો રૂપિયા ધરીને એ સાધુઓને આસકિતનો રંગ લગાડતા હોય છે ! અને આમ કરીને, સ્વર્ગનો રસ્તો બતાવનારા સંતોને નર્કના માર્ગે વળાવવાનું પુણ્યકાર્ય (?) લોકો કરતા રહે છે અને હાજર સૌ આ બન્નેનો જયજયકા પોકારતા રહે છે. હદ તો ત્યારે થાય છે, જયારે આવા કાર્યને 'મહાન ધાર્મિક' ગણવામાં આવે છે !

# રણકાચબો (અંગ્રેજી : Desert Tortoise)

રણકાચબો એ પૃથ્વી પર જોવા મળતું એક પ્રાણી છે. પ્રાણીઓમાં કાચબા મુખ્યત્વે બે જાતના હોય છે. પાણીમાં રહેનારા તેમજ જમીન પર રહેનારા. ઉત્તર અમેરિકા ખાતે જોવા મળતો રણકાચબો લાંબા સમય સુધી પાણી વિના રહી શકે છે. તે ૯ થી ૧૫ ઈંચ લંબાઈ ધરાવતો હોય છે. તેનું આયુષ્ય ૮૦ વર્ષ જેટલું લાંબુ હોય છે.રણ કાચબાની પીઠ ઘુમ્મટ આકારની અને અન્ય કાચબાઓ કરતા વધુ ઉપસેલી હોય છે. તેની પીઠ પર પર લીલા રંગનુ કવચ હોય છે. આ કાચબો જમીનમાં દર બનાવીને રહે છે, આથી જમીન ખોદવા માટે તેના આગલા પગના નહોર ચપટાં હોય છે. રણમાં થતી થોર પ્રજાતિની વનસ્પતિઓ તેનો મુખ્ય ખોરાક છે.રણ કાચબો પ્રચંડ ગરમી સહન કરી શકે છે. વધુ ગરમીના દિવસોમાં તે જમીનમાં ઉંડો દર કરીને ભુગર્ભમાં છ ફૂટ ઊંડે ચાર થી પાંચ મહિના સુષુપ્તાવસ્થામાં રહે છે. આ કાચબાના શરીરમાં પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા હોય છે. – મોકલનાર : તળશીભાઈ મો. પટેલ

# રતવા

સૌનું આરોગ્ય — :: લેખક :: વૈદ્ય પ્રદિપ આસ્તિક — ૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ર૯૦ પ્રયોગોનો સંગ્રહ



કારણ : અપૂરતા પોષણથી, વાસી કે ઉતરીગયેલા આહારથી, ખૂબ તીખા તમતમતા ગરમ આહારના સેવનથી, તેમજ ખૂબ જ ખાટા અને ખારા આહારના સેવનથી સ્ત્રીઓને વીસ પ્રકારના યોનિરોગ થાય છે. જે રતવા તરીકે ઓળખાય છે.

૧. રતાંજળી, રતવેલિયો, મજીઠ અને ધાણા સમાન ભાગે લઈ, બધાં ઔષધોને એકસાથે આખાં–પાકાં ખાંડી નાખવાં. પછી રોજ રાત્રે અર્ધા ગ્લાસ પાણીમાં એક ચમચી ઉપરનાં ઔષધોનો ભૂકો નાખી સવાર સુધી પલળવા દેવું. સવારે ચોળી, ગાળીને તેમાં થોડી સાકર નાખી પી જવું. વીસ–પચીસ દિવસના આ પ્રયોગથી રતવા, કોઠાની ગરમી, તજાગરમી, તેમ જ લોહીવિકાર મટે છે.

(૬૦) રકતપિત્ત (લોહી પડવું)

કારણ : વધુ પડતા ખારા, ખાટા અને ગરમ પદાર્થોનાં સેવનથી, અતિ પરિશ્રમથી, અતિ મુસાફરીથી, અતિ મૈથુનથી તેમજ સખત તાપમાં રહેવાથી પિત્તનો ક્ષોભ થઈ તે રકતને કોપાવે છે પરિણામે મોં કે નાક દ્વારા કે પછી પેશાબ રસ્તે કે મળદ્વાર દ્વારા લોહી પડવા લાગે છે જે રકતપિત્ત તરીકે ઓળખાય છે.

૧. બકરીના દૂધમાં મધ અને સાકર નાખી, સવાર સાંજ પીવાથી રકતપિત્ત મટે છે.

૨. આંબળાનું ચૂર્ણ ઘી–સાકર સાથે દિવસમાં ત્રણ વખત ચાટવાથી રકતપિત્તની ફરિયાદ દૂર થાય છે.

૩. જેઠીમધ, ધાણા, રતાંજલી, અરડૂસી અને વાળાનો કવાથ વિધિવત બનાવી રોજ સવારે તથા સાંજે પીવાથી શોષ, દાહતથા રકતપિત્ત અવશ્ય મટે છે.

(૬૧) રકતનું દબાણ (બ્લડપ્રેશર)

કારણ : બેઠાડુ જીવનથી, ઉજાગરાથી, કબજિયાતથી, વ્યસન–અતિ દારૂથી, અતિધુમ્રપાનથી, અતિશય ચા–કોફીના સેવનથી, અતિ મીઠાનાં સેવનથી, કોલસ્ટરોલનું પ્રમાણ વધવાથી, હૃદય નબળું પડવાથી તેમજ ચિંતા, શોક અને ભયના લીધે રકતના દબાણમાં વધ–ઘટ થાય છે.

૧. હાઈબ્લડ પ્રેશર માટે શ્રેષ્ઠ ઉપાય: હાઈ બ્લડ પ્રેશરના દર્દીએ પોતાનાથી થઈ શકતું કામ નિષ્ઠા તેમજ ધીરજપૂર્વક કરવું. સ્વભાવ ઉદાર રાખવો. બધા માણસો આપણા જેવા હોતા નથી તેથી બીજા માણસના વાણી કે વર્તનથી અકળાઈ ન જવું. પરમ શાંતિ એ હાઈ બ્લડ–પ્રેશરનો શ્રેષ્ઠ ઉપાય છે.

૨. હાઈ બ્લડ પ્રેશરના દર્દીએ સૂકા લસણની કળીઓનો રસ એકથી બે તોલા કાઢી તેમાં લસણના રસથી બમણું પાણી મેળવી રોજ સવારે પીવું. આથી હાઈ બ્લડપ્રેશર ઝડપથી નોર્મલ બને છે.

૩. હાઈ બ્લડ પ્રેશરના દર્દ માટેની ઉત્તમ ઔષધિ છે સર્પગંધા. આ સર્પગંધાનાં મૂળ ગાંધીની દુકાનેથી લાવી, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, આ ચૂર્ણ જેટલી જ તેમાં સાકર મેળવી, સારા વૈદ્યની દેખરેખ નીચે લેવું. સર્પગંધાનાં મૂળ હાઈ બ્લડ પ્રેશર માટેની સચોટ તેમજ અનુભૂત ઔષધી છે.

૪. લો બ્લડપ્રેશરના દર્દીઓએ જીરૂનું વસ્તરગાળ ચૂર્ણ કરી, સવાર–બપોરે– સાંજ ત્રણે ટાઈમ બે–બે ગ્રામની માત્રામાં મધ સાથે ચાટવું. આથી લો બ્લડપ્રેશર અને ચક્કરની ફરિયાદ દૂર થાય છે.

૫. બ્લડપ્રેશર માટેનું રામબાણ ઔષધ : હાઈ કે લો બ્લડપ્રેશરના દર્દીઓએ ગાંધીની દુકાનેથી જટામાંસી લાવી, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, એક એક ગ્રામની માત્રામાં દિવસમાં બેથી ત્રણ વખત મધ સાથે ચાટવું. જટામાંસીનું ચૂર્ણ હાઈ કે લો બ્લડપ્રેશર માટે એકસરખું તેમ જ સચોટ ઔષધ છે.

# નવું નવ દિવસ ને જૂનું જનમારો

**અર્થ :** નવી લાગતી વસ્તુ ઘડીક ટકે તેવી હોય અને જૂની વસ્તુ વધુ ટકાઉ હોય એમ પણ બને.

**વાર્તા :** એક ગામમાં એક માણસે નવી દુકાન ખોલી. ગ્રાહકોને આકર્ષવા તેણે નવી નવી યુકિતઓ કરવા માંડી. રંગબેરંગી તોરણો અને દીવડાઓથી તેણે દુકાનને ખૂબ શણગારી. તે ઘરાકોને સસ્તું અને સારૂ આપી ગ્રાહકો સાથે ખૂબ પ્રેમથી વર્તવા લાગ્યો. નવી દુકાનની ચમક–દમક અને ઠાઠ–માઠ જોઈ ઘણા ગ્રાહકો જૂના દુકાનદારને છોડી નવી દુકાને ખરીદી કરવા લાગ્યા. જૂનો દુકાનદાર પચીસ–ત્રીસ વર્ષથી ધંધો કરતો હતો. તે ગામના નાના મોટા સૌ ગ્રાહકોને ઓળખતો હતો. તેનો સ્વભાવ ખૂબ ભલો હતો. તે ગ્રાહકોને છેતરતો ન હતો. તેની દુકાને ઉત્તમ ચીજવસ્તુઓ મળતી હતી. નવા દુકાનદારે શરૂઆતમાં ધંધો જમાવવા સસ્તું અને સારૂ આપવા માંડયું. તેને લાગ્યું કે ઘણા બધા ગ્રાહક તેની દુકાન તરફ વળી ગયા છે. તેનું નામ પ્રસિદ્ધ થઈ ગયું છે અને જૂના દુકાનદારને ત્યાં કાગડા ઊડે છે ત્યારે તેણે દગાબાજી શરૂ કરી. માલમાં ભેળસેળ કરવા લાગ્યો. ઓછું જોખવા લાગ્યો. ગ્રાહકો સાથે મીઠાશથી વર્તવાને બદલે ઉદ્ધતાઈ કરવા લાગ્યો. ગામના લોકો નિરાશ થઈ પસ્તાવા લાગ્યા. એમને થયું કે એમણે જૂના અને જાણીતા દુકાનદારનો વગર કારણે તિરસ્કાર કર્યો છે. એમણે આપણો કદી વિસઘાત કર્યો ન હતો. વડવાઓએ અનુભવને આધારે ઘડેલી આ કહેવત ખરેખર અહીં લાગુ પડે છે કે નવું નવ દિવસ અને જૂનું જનમારો. એટલે કે નવા માણસ કરતાં જૂના અને જાણીતા માણસની કદર કરવી જોઈએ. ચીજવસ્તુમાં પણ એવું જ છે કે નવી વસ્તુ કરતાં જૂની વસ્તુ વધારે વિસનીય હોય છે.



# પ્રયોગ – ૨૪

## નાડીના ધબકારા

પ્રયોગ : નાડીના ધબકારા ગણવા.
સાધન : ઘડિયાળ
રીત : તમારા ડાબા કાંડા ઉપર અંગૂઠા તરફ આવેલી નસ ઉપર જમણા હાથની આંગણી મૂકો.

એક મિનિટમાં કેટલા ધબકારા થાય છે તે ગણો અને નીચેના કોષ્ટમાં લખો.

હવે થોડો સમય કસરત કરી ફરીથી ધબકારા નોંધો અને નીચેના કોષ્ટકમાં લખો.


જાણો :

હદય દરેક ધબકારા સાથે આશરે એક કપ જેટલું (લગભગ ૭૫ ગ્રામ) રૂધિર શરીરમાં ધકેલે છે.

એલેકઝાંડર ફલેમિંગ :

શેવાળ કે ફૂગ પણ ઔષધીય ગુણો ધરાવે છે. એવી શોધ બ્રિટનના સર એલેકઝાન્ડર ફ્લેમિંગ ઈ.સ. ૧૯૨૮માં કરી હતી. એમણે ફૂગમાંથી જે દવા બનાવ એનું નામ પેનિસિલિન હતું. કેટલાક રોગોમાં અને ખાસ કરીને પાક વગેરેમાં પેનિસિલિન ખૂબ ઉપયોગી છે તે એમણે બતાવ્યું.


પ્રયોગની પાંખે — વિજ્ઞાન નગરી — પ્રકાશક: શ્રી બળવંત પારેખ



# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# આ મારું ચિત્ર છે




**જાહલ મુકેશભાઈ**
(ધોરણ–૩, શ્રી રૂપાયતન પ્રા.શાળા)



**વશરામ મુકેશભાઈ મકવાણા**
(ધોરણ – ૩, શ્રી રૂપાયતન પ્રા.શાળા)



**બગથલીયા નવ્યા જીગ્નેશભાઈ**
(ધો.૬, શ્રી પી.એન.વોરા વિધાનીકેતન પ્રા. શાળા)



**માઘડ નેહા**
(ધો.૭, શ્રી રૂપાયતન પ્રા.શાળા અમરેલી)

# અમરેલીની બહેરા–મૂંગા શાળાનો સિલ્વર જયુબિલી વર્ષમાં સેવાની સુવાસ સાથે પ્રવેશ



અમરેલી ખાતે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરા–મૂંગા શાળાનો આજથી ૧૪/૧૨ થી ૨૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ થઈ રહ્યો હોય સંસ્થાની સેવાકીય અને પ્રેરણાદાયી કામગીરીને યાદ કરવી જરૂરી બની છે. અમરેલીની બહેરા–મૂંગા શાળામાં ડો. દીપાબેન પારેખ છાત્રાલય, શ્રીમતી હંસાબેન મંગળદાસ મહેતા ભવન, શ્રીમતી મીનાક્ષીબેન વળીયા ઓડિયોલોજી એન્ડ સ્પચથેરાપી કલિનિક, શ્રીમતી રસીલાબેન પારેખ રોટરી (સીટી) વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર પણ કાર્યરત છે. અમરેલીનાં શહેરીજનો જન્મ દિવસ, લગ્ન દિવસ કે અન્ય કોઈ સામાજિક–પારિવારીક પ્રસંગનાં શુભદિનને નિમિત બનાવી સંસ્થા અને બાળકોને ફૂલ નહી તો ફૂલની પાંખડી સ્વરૂપે એક રૂપિયાની ચોકલેટથી લઈને ૨ લાખની કિંમતના ડિજિટલ બોર્ડ સુધીની સહાય પુરી પાડી રહ્યા છે. આમ આદમીથી લઈને અમીર વ્યકિતઓ પણ આર્થિક સહયોગ કરી રહ્યા છે. અમરેલીની ગલીઓમાંથી શરૂ થયેલ સહાયનાં બિંદુ આજે અમદાવાદ, સુરત, મુંબઈ સુધી સીમિત ન રહેતા અમેરિકા સુધી પહોંચીને મદદની ધોધરૂપે વહી રહ્યા છે. સંસ્થાનાં સેવારૂપી યજ્ઞમાં રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) અને પીજીવીસીએલ મોરપીંછ સમાન બની રહ્યા છે અને આગામી વર્ષોમાં પણ મુકબધિર બાળકોનાં શિક્ષણ અને માનસિક–સામાજિક અને શારીરિક વિકાસ માટેનાં શ્રેષ્ઠ કાર્યોમાં મદદનો ધોધ વહેતો રહે તે જોવું સૌ કોઈ સમાજ સેવાની નૈતિક જવાબદારી છે. સંસ્થાની સિલ્વર જયુબિલી નિમિત્તે ૧૫ ડિસેમ્બરનાં રોજ રેલી સ્વરૂપે શહેરીજનોનો આભાર વ્યકત કરવામાં આવશે.

### રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા

## અમરેલીમાં આજે સુખ્યાત કવિ વિનોદ જોષીને કવિવર રમેશ પારેખ એવોર્ડ અર્પણ કરાશે

### આજે સાંજે અજમેરા સ્કુલ ખાતે કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૧૩

ગુજરાતી ભાષાના લાડકા કવિ રમેશ પારેખના જન્મદિવસની ઉજવણીનાં ઉપક્રમે નાથીમા અને હરીબાપા પરમારની સ્મૃતિમાં પ્રતિવર્ષ અપાતો કવિવર રમેશ પારેખ એવોર્ડ આ વર્ષે કૂંચી આપો બાઈ જી, સખી! મારો સાયબો સૂતો, ટચલી આંગલડીનો નખ, થાંભલીનો ટેકો, એક કાચી સોપારીનો કટકો, રેવણઝારા જેવાં અત્યંત લોકપ્રિય ગીતોના સર્જક ગુજરાતી ભાષાના સુખ્યાત કવિ વિનોદ જોશીને અર્પણ કરવામાં આવશે.



શનિવાર તા. ૧૪ના સાંજે ૪.૩૦ કલાકે, એસ એસ અજમેરા સ્કૂલ અમરેલી ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સર્વ મનોહર ત્રિવેદી, શાંતિલાલ પરમાર, સંજુવાળા, છેલભાઈ વ્યાસ, ડો. ભરત કાનાબાર, રાજુભાઈ કામદાર, હાર્દિક કત્રોડિયા, જીતેન ધોળકિયા, અપેક્ષા ભટ્ટ વગેરે ઉપસ્થિત રહેશે. અપેક્ષા ભટ્ટના મધુર કંઠે કવિતાઓનું ગાન થશે અને બહુશ્રુત કવિ વિનોદ જોશી પોતાની કવિતાઓનું પઠન કરશે.

તો આ સાંજને કાવ્યમય સંગીતમય અને ગુજરાતીમય બનાવવા સર્વને પધારવા માટે રમેશ પરેખ સાહિત્ય વર્તુળ અમરેલીના પ્રમુખ હરજીવન દાફડા અને મંત્રી રોહિત જીવાણી દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૨૨૧ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૭૫ | ૧૨૧૦ |
| ૩ | શિંગ મોટી | ૮૩૦ | ૧૨૪૮ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૭૭૫ |
| ૬ | તલ કાળા | ૨૮૩૫ | ૪૬૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૩૦ | ૩૨૪૪ |
| ૮ | બાજરો | ૩૫૯ | ૫૬૯ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૭૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૩૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૪૯ | ૬૩૫ |
| ૧૨ | અડદ | ૫૨૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૮૪૦ | ૧૨૫૩ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૮૩૫ |
| ૧૫ | કપાસ | ૯૭૦ | ૧૪૫૯ |
| ૧૬ | એરંડા | ૧૦૬૦ | ૧૧૯૫ |
| ૧૭ | જીરૂ | ૩૩૦૦ | ૪૫૮૦ |
| ૧૮ | ધાણા | ૯૩૦ | ૧૩૮૬ |
| ૧૯ | મેથી | ૫૫૦ | ૧૦૬૦ |
| ૨૦ | સોયાબીન | ૬૦૦ | ૮૨૭ |
| ૨૧ | રજકાનું બી | ૪૮૦૦ | ૪૮૦૦ |
| ૨૨ | મરચા લાંબા | ૪૭૦ | ૩૧૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૯૧ |
| ૩ | તલ સફેદ | ૨૪૧૩ | ૨૫૮૭ |
| ૪ | જીરૂ | ૩૭૦૦ | ૪૪૨૫ |
| ૫ | કપાસ | ૧૩૬૫ | ૧૪૬૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૨૫ |
| ૮ | બાજરો | ૫૧૧ | ૭૨૫ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૭૫૦ |
| ૧૦ | અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૩૬૧ |
| ૧૨ | તુવેર | ૧૬૦૦ | ૧૮૮૦ |


''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૪૯૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૦૬૮ | ૧૧૫૨ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૦૮ | ૧૦૬૨ |
| ૫ | અડદ | ૧૧૪૫ | ૧૨૨૫ |
| ૬ | ઘઉં | ૫૦૯ | ૬૫૧ |
| ૭ | તલ સફેદ | ૨૦૪૦ | ૨૩૬૦ |
| ૮ | તલ કાળા | ૩૩૭૦ | ૩૯૦૦ |
| ૯ | જીરૂ | ૩૯૭૦ | ૪૪૩૦ |
| ૧૦ | સોયાબીન | ૭૭૦ | ૮૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૧૦ | ૧૧૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૮ | ૫૭૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૦ |
| ૪ | સોયાબીન | ૫૪૦ | ૭૬૨ |
| ૫ | મગફળી | ૫૦૦ | ૧૧૮૦ |
| ૬ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૪ |
| ૭ | તલ સફેદ | ૧૬૧૦ | ૨૨૭૦ |
| ૮ | ધાણા | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૯ | મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૦૮૫ | ૧૨૦૧ |
| ૧૨ | ચણા છોલે | ૧૮૮૦ | ૧૮૮૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૦૭ | ૧૨૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૮૫૦ | ૧૧૧૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૭૫ | ૨૨૭૫ |
| ૪ | સોયાબીન | ૭૬૨ | ૭૬૨ |
| ૫ | બાજરો | ૫૫૧ | ૫૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૬ | ૧૪૮૫ |
| ૨ | મગફળી | ૭૧૫ | ૧૧૩૦ |
| ૩ | ઘઉં | ૫૭૪ | ૫૮૭ |
| ૪ | ચણા | ૯૪૫ | ૧૨૪૧ |
| ૫ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૫૦૫ |
| ૬ | ધાણા | ૯૪૦ | ૧૨૧૫ |
| ૭ | સોયાબીન | ૭૧૭ | ૭૯૦ |
| ૮ | એરંડા | ૮૫૫ | ૧૦૨૫ |
| ૯ | તલ | ૧૮૦૫ | ૨૩૩૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૦૬૧ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૧ | ૨૫૧૧ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૧૬ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૭૬૬ |
| ૮ | મકાઈ | ૪૯૦ | ૪૯૦ |
| ૯ | મગ | ૧૬૦૧ | ૨૩૨૫ |
| ૧૦ | મઠ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૧ | અડદ | ૭૫૦ | ૧૬૦૦ |
| ૧૨ | તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૧૩ | ચણા | ૯૫૦ | ૧૩૫૬ |
| ૧૪ | સોયાબીન | ૭૪૧ | ૭૮૯ |

# ''અમરેલી એકસપ્રેસ''ને ૧૯માં વર્ષ નિમિત્તે શુભેચ્છાનો અવિરત પ્રવાહ શરૂ








અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈકિ ૧૯માં વર્ષમાં પ્રવેશ કરતાં સમગ્ર ગુજરાતમાંથી શુભકામનાઓ મળી રહી છે. ગઈકાલે ધારાસભ્ય કસવાલા, વેપારી અગ્રણી જગદીશભાઈ (હોટેલ અવધ), પરેશભાઈ હિંગુ, એડવોકેટ નિશીત પટેલ, પટેલ સંકુલનાં હોસ્ટેલ ડાયરેકટર વલ્લભભાઈ રામાણી, ધીરૂભાઈ સિધ્ધપરા, કોંગી અગ્રણી સંદિપ ધાનાણી સહિતે શુભકામના પાઠવ્યા બાદ આજે શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ સંચાલિત સેવા સંઘનાં પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપપ્રમુખ કિશોરભાઈ અજુગીયા તેમજ મુકેશભાઈ મંડોરા, પંકજભાઈ મારૂ, ચેતનભાઈ ચૌહાણ, ગોપાલભાઈ વનરા, અલ્પેશભાઈ આજુગીયા, મહેશભાઈ સોંડિગલાએ શુભકામના પાઠવી હતી. તેમજ વડેરાનાં અગ્રણી જેરામભાઈ સોહેલીયા અને તેમનાં પુત્ર બાલમુકુંદ સોહેલીયાએ રૂબરૂ પધારીને શુભકામના પાઠવી હતી.

### ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલીમાં મંગળવારથી ત્રિદિવસીય SFAC દ્વારા FPO મેળાનું આયોજન

## મુલાકાતીઓ આરોગ્યપ્રદ નાસ્તા સહિતનું વેચાણ કરાશે

અમરેલી, તા. ૧૩

અમરેલી–ગુજરાતમાં જીમખાના ગ્રાઉન્ડ ખાતે ૧૭મીથી ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ત્રિ–દિવસીય FPO મેળાનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય હેઠળ ના સ્મોલ ફાર્મર્સ એગ્રીકલ્ચરલ બિઝનેસ એસોસિએશન (SFAC) દ્વારા યોજવામાં આવી રહ્યો છે. ભારત સરકાર. આ મેળો ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPOs) ને તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા, ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકો સાથે સીધું જોડાણ કરવા માટે પ્લેટફોર્મ પૂરૂ પાડશે.

ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી આ સમારોહના મુખ્ય અતિથિ હશે અને ૧૭મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યે તેનું ઉદઘાટન કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક અમરેલી વહીવટીતંત્ર ઓવરટાઈમ કામ કરી રહ્યું છે. શ. જીગ્નેશ કાનાણી (ડીએઓ– અમરેલી) ઈવેન્ટના નોડલ ઓફિસર છે અને તેઓ ગ્રાઉન્ડ પર તૈયારીઓની દેખરેખ રાખી રહ્યા છે. વિસ્તારની અગ્રણી હસ્તીઓ જેમ કે અશ્વિન સાવલિયા, શિ. હિરેન ભાઈ, શિ. મનીષ ભાઈએ અમરેલીમાં કેન્દ્ર સરકાર સમર્થિત કાર્યક્રમ બની રહ્યો છે તેનો આનંદ વ્યકત કર્યો છે અને આ કાર્યક્રમમાં સંપૂર્ણ સહયોગ આપ્યો છે. આ રાજય–સ્તરની ઈવેન્ટનો ઉદેશ્ય FPOsના ઉત્પાદનોને પ્રકાશિત




કરવાનો, FPO ઉત્પાદનોના માર્કેટિંગ અને બ્રાન્ડિંગને સરળ બનાવવાનો અને સમગ્ર દેશમાં તેમના વેચાણમાં વધારો કરવાનો છે. મુલાકાતીઓ આરોગ્યપ્રદ નાસ્તો, ઘર અને રસોડામાં આવશ્યક ચીજવસ્તુઓ, સૌદર્ય અને સુખાકારીના ઉત્પાદનો અને વધુ સહિત ઉત્પાદનોની વિશાળ શ્રેણી ખરીદી શકશે, જે તમામ ઓર્ગેનિક ખેતી પદ્ધતિઓમાંથી મેળવેલ છે. અત્યાર સુધી આયોજિત આ ૧૨મો FPO મેળો હશે, અને તેમાં ભારત અને ગુજરાતમાંથી ૫૦ થી વધુ FPO રજૂ થવાની અપેક્ષા છે. વચેટિયાઓને દૂર કરીને ખેડૂતો પોષણક્ષમ ભાવે ગ્રાહકોને તેમના ઉત્પાદનો સીધા વેચી શકશે. આ ઈવેન્ટ FPO માટે નેટવર્કિંગ, નોલેજ શેરિંગ અને ક્ષમતા નિર્માણ માટેની તકો પણ પ્રદાન કરશે, જે તેમને તેમની માર્કેટ એકસેસ વધારવા અને મજબૂત બ્રાન્ડ ઓળખ બનાવવા માટે સક્ષમ બનાવશે.

મેળો દરરોજ સવારે ૧૦:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી ખુલ્લો રહેશે અને શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તેવી સ્પર્ધાઓ સહિત વિવિધ પ્રવૃત્તિઓ દર્શાવશે. FPOs અને ઓર્ગેનિક ઉત્પાદનોના મહત્વ વિશે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે શાળાઓને ઈવેન્ટની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ પહેલ SFAC દ્વારા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના સહયોગથી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ભારતભરમાં ૨૪ FPO મેળાઓને પ્રદર્શનો યોજવાના મોટા પ્રયાસનો એક ભાગ છે. આ ઈવેન્ટસનો ઉદેશ FPOsને તેમના ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા અને તેમની વિઝિબિલિટી વધારવા માટે રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો છે.

ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના મહત્વાકાંક્ષી ધ્યેયના ભાગરૂપે, F2DF, જીંદ, હરિયાણા સ્થિત સંસ્થા, ખેડૂતોના ઉત્પાદનોને મોટા બજારો સાથે જોડવા માટે મંત્રાલય સાથે કામ કરી રહી છે. F2DF એ ખેડૂતો અને FPOs માટે બજારની પહોંચની સુવિધા આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે અને એકલા આ વર્ષે આશરે ૨૪ લાખ ખેડૂતોનું પ્રતિનિધિત્વ કરતા ૮,૫૦૦ FPO ને જોડવાનું લક્ષ્ય રાખ્યું છે. આ પહેલ ટકાઉ ખેતી પદ્ધતિઓ અને સીધા બજાર જોડાણ દ્વારા ખેડૂતોની આવક વધારવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન સાથે જોડાયેલી છે.

# ૧૪ ડીસેમ્બર, ''રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ'' પ્રતિ ક્ષણ ઉર્જાનાં રક્ષણ થકી જ શકય ''ઉર્જા સંરક્ષણ''

અમરેલી, તા : ૧૩

વિની વધતી જતી જનસંખ્યાની સાથે ઊર્જાની જરૂરિયાત પણ વધતી જાય છે. સામાન્ય જીવનમાં આપણે ઘણા બધા ઊર્જાસ્ત્રોતોનો ઉપયોગ કરીએ છીએ જેમ કે વીજળી. વીજળી સામાન્ય જનજીવનની જરૂરિયાત છે. વીજળી વગરનું જીવન આજના લોકો માટે શકય નથી. આપણી આસપાસ નજર કરીએ તો ખ્યાલ પડે કે એવી એક પણ ક્ષણ નથી કે જયારે આપણે વીજળીનો પ્રયોગ ન કરતા હોઈએ. સીધી કે આડકતરી રીતે લોકોને હવે સતત એના સંપર્કમાં રેહવું જ પડે છે.

ભારતમાં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ થાય છે. અશ્મિભૂત ઈંધણ(ઘણા વર્ષોની જહેમત બાદ પ્રાપ્ત થતું ઈંધણ જેનો વપરાશ કર્યા બાદ તે ઝડપતી પ્રાપ્ત થઈ શકતું નથી.), ક્રૂડ તેલ, કોલસો, કુદરતી ગેસ વગેરે રોજિંદા જીવનમાં ઉપયોગ માટે પૂરતી ઊર્જા ઉત્પન્ન કરે છે પરંતુ તેમની માટે વધતી માંગને કારણે કુદરતી સંસાધનોમાં ભવિષ્યમાં તેની અછત સર્જાઈ શકે છે. ઊર્જા સંરક્ષણ દ્વારા ઊર્જાની બચત કરી શકાય છે. આ ઊર્જા સ્ત્રોતોને બચાવવા માટે ભારત સરકાર દ્વારા ૧૪ ડિસેમ્બર, ૧૯૯૧નાં વર્ષથી ''રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ'' ઉજવવમાં આવે છે. ભારત સરકાર દ્વારા આ માટે કેટલીક યોજનાઓ પણ ઘડવામાં આવી છે જેમકે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, સૂર્યશકિત કિસાન યોજના, સૂર્ય કૂકર યોજના વગેરે. ઊર્જાસંરક્ષણ દિવસનો મુખ્ય હેતુ પુન:



અપ્રાપ્ય ઊર્જાસ્ત્રોતોને બચાવવાનો છે. તેનાં માટે ઘણા પગલા લઈ શકાય છે :

–વીજળીનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવો. જયાં ત્યાં લાઈટ અને પંખા ચાલુ હોય ત્યાં બંધ કરી દેવા અને ઈલેકટ્રીસીટી ઓછી વાપરે તેવા વાયરોનો ઉપયોગ કરવો જોઈએ.
–લાકડાનો ઉપયોગ ભારતમાં ઈંધણ તરીકે કરવામાં આવે છે. ગામડામાં મોટા ભાગના લોકો ખોરાક રાંધવા માટે પણ લાકડાનો ઉપયોગ કરે છે. જો એલપીજીનો ઉપયોગ ખોરાક રાંધવા માટે કરવામાં આવે તો લાકડાનો બચાવ થઈ શકે છે. – હંમેશા આઈએસઆઈ સ્ટેમ્પ્ડ પાવર ટૂલ્સવાળા વીજળી સાધનોનો ઉપયોગ કરવો. – સોલાર ઊર્જાના ઉપયોગથી વીજળી અને અશ્મિભૂત ઈંધણનો બચાવ કરી શકીએ છીએ. સુર્યકુકરથી ભોજન બનાવી શકીએ છીએ. સોલાર બેટરી દ્વારા વીજળીનો પણ બચાવ કરી શકીએ છીએ.
– બળતણ માટે ગાયનાં છાણનો પણ ઉપયોગ કરી શકાય છે. – પાણીનો વધુ પડતો વેડફાટ ન કરતા જરૂર પડે ત્યાં જ પાણીનો ઉપયોગ કરવો.

–મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)


**અમરેલી એકસપ્રેસ**
**એજન્સી આપવાની છે...**

અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એકસપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.

સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી




**જોઈએ છે**
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
**અમરેલી એકસપ્રેસ**
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



જુના માર્કેટયાર્ડમાં
**દુકાન વેચવાની છે...**
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
**શ્રી જેરામભાઈ સોહેલીયા**
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪






**25માં વર્ષની પરોઢે દંડવત અમરવલ્લીને**

શ્રવણમંદ દિવ્યાંગોની મૌન લાગણીને શબ્દથી શણગારતી અમરેલી જિલ્લાની એકમાત્ર લોકસહયોગથી સેવાની સરવાણી વહેવડાવતી સંસ્થા એટલે..

અમરેલી મૂક બધિર સેવા ટ્રસ્ટ સંચાલિત

શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરાં-મૂંગાશાળા
ડો.દીપાબેન કમલેશભાઇ કાનજીભાઈ પારેખ બહેરાં-મૂંગા છાત્રાલય
શ્રીમતી હંસાબેન મંગળદાસ મહેતા ભવન
શ્રીમતી મિનાક્ષીબેન વિનયભાઇ વળીયા ઓડીયોલોજી એન્ડ સ્પીચથેરાપી કિલનીક
શ્રીમતી રસીલાબેન હરકિશનદાસ પારેખ રોટરી (સીટી) વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર




■ જન્મદિવસ,લગ્નદિવસ કે અન્ય કોઇ સામાજિક-પારિવારીક પ્રસંગના શુભદિનને નીમીત બનાવી સંસ્થા અને બાળકોને ફૂલ નહી તો ફૂલની પાંખડી સ્વરૂપે 1 રૂપિયાની ચોકલેટથી લઇ 29 લાખના ડીઝીટલ સાધનોને ડીઝીટલબોર્ડ સુધીની સેવાકીય સહાય પુરીપાડવામાં અમરેલીના લારીવાળા, દુકાનદાર, રિક્ષાવાળા જેવા શ્રમિકવર્ગથી માંડી કંપની-કારખાનાના માલિક સુધીનાદરેકનો પૂણ્યફાળો જ સંસ્થાની સેવાકીય પ્રવૃતિનું પ્રેરણાસ્ત્રોત બની રહયાનો સંસ્થાને ગર્વ છે.
■ અમરેલીની શેરીઓમાંથી પ્રારંભ થયેલી આ સહાય સાજીયાવદર,અમદાવાદ,સુરત,મુંબઇ,સુધી જ સીમીત ન રહેતા અમેરીકા સુધી વિસ્તરી છે.ત્યારે સંસ્થા એ તમામ નામી-અનામી સર્વે સંસ્થાના શુભેચ્છકોને આજદિને શત શત દંડવત નમતા ગૌરવની અનુભૂતીથી અભિભૂત થઇ રહી છે.એટલે હૈયેથી અનાયાસે જ સરી પડે છે..

" મૌન અમારી ભાષા,પ્રેમ એ જ પરિભાષા, સાથ રહયો સદૈવ આપનો,પુરી કરો એ જ આશા, આભારઓ અમરેલી,અંતરમાં એજ અભિલાષા"

■ સંસ્થાના સેવારૂપી યજ્ઞમાં કાષ્ટરૂપી સમર્પણ કરનાર PGVCLઅમરેલી-રાજકોટ,રોટરી કલબ ઓફ અમરેલી (ગીર), ટાવર ચોક વેપારી એસોસિએશન,લાયન્સ કલબ,સુપર ગેસ, બેંક ઓફ બરોડા અને પીપાવાવ પોર્ટ સંસ્થાના મોરપીંછ સમાન બની રહ્યા છે.
■ આવનારા વર્ષમાં પણ આપ સર્વેનો આવો જ હૂંફ ભર્યો સહયોગ અને લાગણીસભર શુભેચ્છા સંસ્થાને સતત પ્રેરીત કરતી રહેશેની અભિલાષા સાથે પૂનઃસૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરીએ છીએ.
■ આજ સંસ્થા અઢી દશકાનો અનેરો આનંદ અમરેલીવાસીઓને આભાર સ્વરૂપે સમર્પિત કરતા 'આભાર અમરવલ્લી'ની રેલી સ્વરૂપે અમરેલીના મુખ્ય માર્ગ પરથી પસાર થશે.

શ્રી અમરેલી મૂકબધિર સેવા ટ્રસ્ટ
**બહેરાં-મૂંગા શાળા સંસ્થા પરિવાર-અમરેલી.**
કમાણી સાયન્સ કોલેજ પાછળ,લાઠી રોડ.અમરેલી. મો. 9426484496

# અમરેલી એક્સપ્રેસ

## ૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના **૧૯માં વર્ષના મંગલ પ્રારંભે** તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

**એક શુભેચ્છક**

---

## ક્રિષ્ના ડાઈનીંગ હોલ

Krishna Dining Hall

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૯૨

---

## ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

# 69,400/-

(૧૦ ગ્રામ)

રહેલ તા. ૧૩/૧૨/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166

**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી, કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

---

# અમરેલી એક્સપ્રેસ

## ૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના **૧૯માં વર્ષના મંગલ પ્રારંભે** તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

**શ્રી ભાવેશભાઈ રાજપરા**

''સેરાનીટ સીરામીક્સ''(એક્ઝિક્યુટીવ ટાઈલ્સ શોરૂમ) ઠે. રાયકા સર્કલ, ઉધના-ખટોદરા રોડ, સુરત

Mo. 98795 84470

SeraNit Exclusive Ceramics Show Room

---

Sheetal

થાબડી - ખજૂર યુક્ત

# ગરમ દૂધ

શીતલ ગાર્ડન પાર્લર અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.

સાંજે 7:00 થી 11:30



---

## નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનુ) આયોજીત વિનામૂલ્યે (ફ્રી) નિદાન કેમ્પ તા. ૧૯-૧૨-૨૦૨૪ થી તા. ૨૧-૧૨-૨૦૨૪

**કાયચિકિત્સા વિભાગ**
ડાયાબીટીસ, થાઈરોડ, લીવરની તકલીફ, કીડનીના રોગોની સારવાર સોરીયાસીસ, (IBS), ખીલ, સફેદ દાગ (કોઢ), જુદા જુદા મસા, વારંવાર થતા ગુમડાની સારવાર, ખોડો, એલર્જી જેવા રોગોની સર્વ શ્રેષ્ઠ સારવાર

**સ્ત્રીરોગ વિભાગ**
સ્ત્રીઓના પ્રસૃતિ તથા નિઃસંતાનપણુ, જાતીય નબળાઈ, સ્ત્રીઓની માસિક-સબંધી તકલીફો તેમજ શરીર ધોવાવું, ગર્ભ સંસ્કાર તથા ગુપ્ત રોગોની સર્વશ્રેષ્ઠ સારવાર

**બાળરોગ વિભાગ**
બાળકોના વજન ન વધતુ હોય તથા બાળકોના શરીરનો વિકાસ ન થતો હોય તેની પંચકર્મ સારવાર, બાળકોને પેટના રોગો, રોગ પ્રતિકારક શક્તિ અને બુદ્ધીશક્તિ વધારવા માટે તેમજ બાળકોના માનસિક રોગો, પથારી પલાળવી, ઓછી યાદ શક્તિ તથા બાળકના બુદ્ધિ-વિકાસ માટે સુવર્ણપ્રાશન

**શાલક્ય વિભાગ**
આંખ, નાક, કાન, ગળુ, આંખના નંબર ઘટાડવા માટે અક્ષિતર્પણ જેવી પ્રાચીન પધ્ધતિથી સારવાર ઉપરાંત નસ્ય કર્ણપુરણ, કવલ, ગંડુષ જેવા ક્રિયાકલ્પો દ્વારા અન્ય રોગોની સારવાર, મોં અને શીરો રોગોની સારવાર તેમજ ખાસ કરીને સૌંદર્યલક્ષી રોગો જેવા કે ખીલ, વાળ ખરવા, ખોડો, ડાઘ, ઉંદરી તથા નાની ઉંમરે થતાં સફેદ વાળની સારવાર

**શલ્ય વિભાગ**
કપાસીનો સચોટ ઈલાજ, હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસૂત્રથી ઓપરેશન તથા સારવાર રાહતદરે
મૂત્રાશયની પથરી, અલ્પમૂત્રતા ઉનવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્યરોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવ્રણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર, લાંબા સમયથી ન રૂજાતા ઘા ની જળો દ્વારા સારવાર

**આયુર્વેદિક પંચકર્મ વિભાગ**
ગાદીનો ઘસારો, પક્ષઘાત, માથુ દુઃખવું, ગાઉટ (ગઠીયો વા), ઉંઘ ન આવવી, માનસિક તણાવ, ઓબેસીટી, વાળ ખરવા, ખીલ વગેરે રોગોની પંચકર્મની સારવાર

**પેરાલીસીસ, સાંધાના દુઃખાવા, જુના સ્નાયુના દુઃખાવાના દર્દીઓ વગેરે માટે પંચકર્મ સારવાર**

- પંચકર્મ સારવાર - વિરેચન - બસ્તિનસ્ય - શિરોધારા - શિરોબસ્તિ - પિંડ સ્વેદન - અભ્યંગ સ્વેદન - સાંધાના દુઃખાવા - સાઈટીકા - સ્નાયુના દુઃખાવા - અગ્નિકર્મ દ્વારા સારવાર....

સમય : સવારના ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજે ૫:૦૦ થી ૮:૦૦ કલાક સુધી...

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ-અમરેલી**

(ગોળ હોસ્પિટલ) ચિતલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ - ૨૨૪૫૨૫

દવા તદ્દન ફ્રી આપવામાં આવશે


## સહૃદયે અશ્રુભરી શ્રધ્ધાંજલિ

चिट्ठी न कोई सदेश जाने वो कौन सा देश जहां तुम चले गए



**સ્વ. જયરાજસિંહ મહેન્દ્રસિંહ ભાટી (ઉ.વ.૨૯)**

સ્વ.તા. ૦૨-૧૨-૨૦૨૪, સોમવાર, મુ.ગોખરવાળા,તા.જી.અમરેલી

આંખો હજુ નિહાળે છે તમને, અંતર (મન) હજુ પોકારે છે તમને, સ્મરણ તમારૂ આવે છે અમોને, તે મન મૂકીને રડાવી જાય છે અમોને આપને શ્રધ્ધાસુમન રૂપી અંજલી અર્પતા હૈયું તુટે છે, આપને શ્રધ્ધાસુમન આપતા શબ્દો ખુટે છે, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લી. આપના સાથી મિત્રો..

શિશિર એમ. દેવમુરારી
મયુર એ. ચૌહાણ
ધવલ પી. જાની
કિશોર વી. ગોહિલ
વિપુલ બી. ભટ્ટી
પિન્ટુ એન. ચૌહાણ
પરાગ બી. સરવૈયા
મહેશ ડી. વારસુર
મયુર જી. સોલંકી
હાર્દિક કે. પંડ્યા
ભાવેશ એમ.સગર
ધર્મેન્દ્રસિંહ બી. તલાટિયા
પ્રશાંત ટી. સોલંકી
દિનેશ એલ.વૈષ્ણવ
પિયુષ યુ. સોલંકી
આનંદ જી. ગરાણિયા

સર્વેના જયશ્રી કૃષ્ણ એવમ્ જય માતાજી


# અમરેલી એક્સપ્રેસ

## ૧૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૫ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના **૧૯માં વર્ષના મંગલ પ્રારંભે** તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

: શુભેચ્છક :

**નટરાજ રોડ લાઇન્સ**
અમરેલી-ભાવનગર-રાજકોટ

**આશાપુરા ટ્રાન્સપોર્ટ કાં.**
પાલનપુર - વલસાડ

શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)